Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTRED No. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्ठं
शुद्धं सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवन्ति॥१॥

पु. १४. } वीर संवत् २४४२ भाद्रपद. आत्म सं. २२. } अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | ક્ષમા યાચના ... ... ... | ૩૧ | ૫ | કર્મ મિમાંસા ... ... ... | ૪૩ |
| ૨ | શ્રી હીરવિજયસૂરિ સ્વાધ્યાય... | ૩૨ | ૬ | સ્થાનિક સમાચાર ... ... | ૫૩ |
| ૩ | જૈન ઐતિહાસિક સાહિત્ય ... | ૩૩ | ૭ | વર્તમાન સમાચાર ... ... | ૫૩ |
| ૪ | જૈન દષ્ટિએ શરીર સ્વરૂપ ... | ૩૮ | | | |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસમાં નવા દાખલ થયેલા વાર્ષિક સભાસદો.

શા. વીઠ્ઠલદાસ મુળચંદ બી. એ. રે૦ ભાવનગર.
શા. હરીચંદ કરશનજી રે૦ ભાવનગર.
શેઠ કાનજીભાઈ માણેકચંદ રે૦ ભાવનગર.
શા. પ્રેમચંદ લક્ષ્મીચંદ રે૦ શિહોર હાલ ભાવનગર.

---

# સ્વીકાર અને સમાલોચના.

### ૧ શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર રહસ્ય સહિત.

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક મહારાજ વિરચિત આ અપૂર્વ ગ્રંથ તેના મૂળ અને રહસ્યાર્થ સાથે પ્રગટ કરી **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ** મહેસાણા તરફથી અમોને ભેટ મળેલ છે. મૂળ સૂત્રો સાથે તેનું સરલ ભાષાંતર આપવામાં આવેલું હોવાથી, તેમજ ઉપોદ્ઘાતમાં જણાવ્યા મુજબ બે વિદ્વાન મુનિરાજોની દ્રષ્ટિગોચર થવાથી શુદ્ધ થયેલું હોય તેમાં નવાઇ નથી. વળી ઉપોદ્ઘાત પણ વિદ્વાન ધર્મનિષ્ઠ બંધુ કેશવલાલ પ્રેમચંદ વકીલ અમદાવાદ નિવાસીએ લખી ગ્રંથની ગૌરવતામાં વૃદ્ધિ કરી છે એકંદર રીતે એવા પ્રકારનું રહસ્યાર્થ પ્રગટ થવાથી પઠન પાઠન માટે ખાસ ઉપયોગી બનેલ છે. જેથી તેનો લાભ લેવા સર્વ જૈન બંધુઓને સુચના કરીયે છીયે.

---

### ૨ લઘુશાન્તિ સ્તવ:

લઘુ શાંતિ સ્પષ્ટાર્થ સાથે પ્રત આકારે—એક ફારમમાં **ખંભાત શ્રી મહાવીર જૈન સભા** તરફથી પ્રગટ થયેલ ભેટ મળેલ છે. સાધુ મુનિરાજ તથા જ્ઞાનભંડાર માટે શાહ નાથાલાલ લલ્લુભાઇ સીનોરને લખવાથી ભેટ મળી શકે છે. આ સભા હાલમાંજ ખંભાતમાં મહારાજ **શ્રી શંકરવિજયજી** મહારાજના ઉપદેશથી શ્રી ચિંતામણિજીના દેરાસર પાસે સ્થાપન થયેલ છે. તેનો આ પ્રથમ પ્રયાસ છે. અન્ય સજ્જ્નો માટે ૦–૧–૬ પોષ્ટ સાથે રાખેલ છે. આ સભા સાથે શ્રી આત્મકમલ જૈન લાયબ્રેરીનું પણ સ્થાપન થયેલ છે. અમે તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે.

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળેલ છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

| | | | |
|---|---|---|---|
| ૩ | ગુરૂ ગુણમાળા | શા. પોપટલાલ ચુનીલાલ. | અમદાવાદ. |
| ૪ | પ્રમાણનયતત્વલોકાલંકાર | શેઠ મનસુખભાઇ ભગુભાઇ. | ,, |
| ૫ | ષટ્ દ્રવ્યવિચાર. | શા. લલુભાઇ કરમચંદ દલાલ. | મુંબઇ |
| ૬ | નિત્ય નીયમ પોથી. ૭ અંજનાસતીનો રાસ. | | શા. બાલાભાઇ છગનલાલ. |
| ૮ | હંશરાજ વછરાજનો રાસ. ૯ રાત્રીભોજન નિષેધક રાસ. | | કીકાભટ્ટની પોળ |
| ૧૦ | દેવકીજીનો રાસ. ૧૧ નવ સ્મરણ. | | અમદાવાદ. |
| ૧૨ | છત્રીશ બોલ સંગ્રહ. | શેઠ અગરચંદ ભેરૂદાન શેઠીઆ. | બીકાનેર. |
| ૧૩ | સંબોધ સત્તરી. | શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટી. | અંબાલા. |
| ૧૪ | જયતિહુણસ્તોત્રમ્. | આચાર્યશ્રી કૃપાચંદજી મહારાજ. | |
| ૧૫ | ગણધર સાર્ધ શતક. | | મુંબઇ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४२, भाद्रपद. आत्म संवत् २२. [ अंक २ जो.

ॐ

## क्षमा–याचना.

( કવ્વાલી )

ગૃહિ જિન શૈલીને આજે, હૃદયથી હું ક્ષમા યાચું;
કર્યા અપરાધ તેની તો, હૃદયથી હું ક્ષમા યાચું. ૧
પુનઃ અપરાધ ના થાવા, હૃદયથી હું ક્ષમા યાચું;
સકલ જગ જન્તુની આગે, હૃદયથી હું ક્ષમા યાચું. ૨
અરજ એ મારી ઉર ધારી, હૃદયથી તો ક્ષમા આપો;
પરસ્પર પ્રેમ પ્રકટાવી, હૃદયથી તો ક્ષમા આપો. ૩
પ્રતિક્રમતા સંવત્સરે આ, હૃદય દ્રવિભૂત છે ભારી;
આતમ આનંદ કાજે તો, સ્વિકારો અર્જ આ મારી. ૪

સં. ૧૯૭૨ ભાદ્રપદ શુકલ ચતુર્થી..

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीअमरहर्ष पंडित विरचित

## हीरविजयसूरि स्वाध्याय ।

શ્રી સૂરીશ્વર પદવી સાર,
શ્રી સેવિત સુંદર ગુણધાર;
શ્રી કૂરર્મતિ રંજિત સૂરીશ,
જય શ્રી હીરવિજય સૂરીશ. ૧

આનંદામલ મંગલ ગેહ,
વિમલ કમલદલ કોમલ દેહ;
રાજવિમલ મુખ નિખિલ ગણીશ. જય૦ ૨

નંદી હિતકર વિગત વિષાદ,
જલદોપમ ગંભીર નિનાદ;
જગતી વશકર મદનગિરીશ. જય૦ ૩

દલિતાખિલ સંસાર વિકાર,
યમ કોકિલ ખેલન સહકાર;
વિદ્યાસાગર સકલ મુનીશ. જય૦ ૪

વિકટ વિપાક નિબંધન માન,
દાવાનલ જલધીર સમાન;
જનમન જલરૂહ વત નલિનીશ. જય૦ ૫

મદ ધરણીરૂહ ભંજન નાગ,
નમતાખિલ ભાવુક મહાભાગ;
યશસા જિત રાકારજનીશ. જય૦ ૬

લજ્જાણ તરૂ નિગરણ હાર,
સૂરીકૃત તપ સંયમ ભાર;
ગુરૂ ભાવાનત દેવશચીશ. જય૦ ૭

સૂદિત ભવ પાથોનિધિ પાર,
રિપુસહચર સમ માનસ સાર;
રમણીય ગુરૂગુણ મણિસરિદીશ. જય૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીઢા ધરણી દારૂણ શીર,
મલિન દુરિત ઘન નાશ સમીર;
વેષ સુરંજિત નિપુણ મહીશ. જય૦ ૯
શમયુત જન તારણપર મોહ,
હંસ સમાન ગમન ગતમોહ;
નયગુણ યંત્રિત માનસ કીશ. જય૦ ૧૦
જગતી મંડલ વિમલ વિશાલ,
વંશ સરોવર સાર મરાલ;
મોહનકાય નિરસ્ત રતીશ. જય૦ ૧૧
યતિ સંતતિ મસ્તક મુકુટોપ,
દેશનિરાકૃત કુમતાટોપ;
સ્તુતસંતત શિવકર જગદીશ. જય૦ ૧૨

॥ કલશ. ॥

શ્રીવિજયદાન સૂરીંદ્ર સુંદર સકલ શિષ્યશિરોમણે,
શ્રીહીરવિજય સૂરીશ શશિગણી ગગનસાર નભોમણે;
જગતીહ જીવ ચિરં ! ચતુર્વિધ સંઘકુમુદ નિશામણે,
શ્રી [1]અમરહર્ષ વિનેયવાંછિત વસુદાન ચિંતામણે. ૧૩

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## “જૈન નૃપતિ ખારવેલનો શિલાલેખ.”

જૈન ધર્મ સાથે સંબંધ ધરાવનારા જેટલા પ્રાચીન લેખો (Inscriptions) આજ સુધીમાં ઉપલબ્ધ થયા છે તેમાં કટકની નજીકના ખંડગિરિ પર્વત ઉપર આવેલી હાથીગુફાનો, મહા મેઘવાહન રાજા ખારવેલનો લેખ સર્વથી પ્રાચીન, સર્વથી અધિક મહત્ત્વવાળો અને જૈનધર્મની પુરાતન જાહોજલાલી ઉપર અપૂર્વ પ્રકાશ પાડનારો છે. શ્રમણભગવાન્ શ્રીમહાવીરદેવના માર્ગને અનુસરનાર અને પ્રતાપશાલી એવા પ્રાચીનમાં

૧ આ અમરહર્ષ, શ્રીવિજયદાનસૂરિના શિષ્ય શ્રીરાજવિજયના શિષ્ય હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાચીન જો કોઈ જૈન રાજાનું નામ કે જેને ભારતભૂમિએ અદ્યાવધિ પોતાના પવિત્ર હૃદય ઉપર ધારણ કરી રાખ્યું હોય, તો તે ફક્ત કલિંગાધિપતિ આજ મહાન્ નૃપતિનું નામ છે. જૈન ધર્મની દૃષ્ટિએ તો ખંડગિરિની જૈન ગુહાનો આ લેખ અતિ મહત્ત્વનો છે જ, પરંતુ ભારતવર્ષના મધ્યકાલીન રાજકીય ઇતિહાસની દૃષ્ટિએ પણ આની ઉપયોગિતા અને મહત્તા ઓછી નથી. લગભગ ૧૦૦ વર્ષ જેટલા દીર્ઘકાલથી આ લેખની ચર્ચા યુરોપીય તેમજ ભારતીય પુરાતત્ત્વજ્ઞોમાં વારંવાર થયા કરે છે. અનેક લેખો અને પુસ્તકો, આ લેખના વિષયમાં લખાયા–છપાયા છે. સેંકડો વિદ્વાનો એ સ્થાનની અને લેખની મુલાકાત લઈ ફોટા વિગેરે લઈ ગયા છે–હજી પણ લે છે. આવી રીતે ઐતિહાસિક વિદ્વાનોમાં એ લેખ એક મહત્ત્વનો અને પ્રિય વિષય થઈ પડયો છે. પરંતુ મ્હારે અતિ ખેદની સાથે જણાવવું પડે છે કે જેમના ધર્મની આ ગુહા છે, જેમના પૂર્વજોનો આ કીર્તિસ્તંભ છે અને જેમની પ્રાચીન જાહોજલાલીના પ્રકાશમાન કિરણો આ લેખમાંથી નિકળી આખા ભૂવલયમાં ફેલાઇ રહ્યા છે તે જૈનોમાંથી હજી સુધી કોઇને એનું સ્વપ્ન પણ નથી આવ્યું. બી, એ; એમ્, એ; અને બૅરીષ્ટરો, સોલીસીટરો જેવા ઉંચી કેળવણી પામેલા, વર્ષોસુધી વિદેશોના ઇતિહાસો ગોખી ગોખી કંઠે કરનારા અને ઇતિહાસ તત્ત્વની મહત્તા સમજનારા જેવા જૈનોને પણ જ્યારે પોતાના એ જીર્ણ પરંતુ અતિ અનુપમ કીર્તિસ્તંભનું નામસુધાં પણ નહિં જણાયું હોય તો પછી ઇતિહાસ શબ્દનો અર્થ પણ બરોબર નહિં સમજનારા લાખો બિનકેળવાયલા જૈનોના વિષયમાં તો કહેવું જ શું ? અસ્તુ !

જૈનધર્મ માટે જગત્માં ગર્વ ઉત્પન્ન કરનાર અને તેની પુરાતન પ્રભુતાનું ઝાંખુ પરંતુ સારભૂત દિગ્દર્શન કરાવનાર એવા એ લેખ અને સ્થાનનો જૈન સમાજને સર્વથી પ્રથમ પરિચય કરાવવાનું માન, જૈન હિતૈષી નામના ઉચ્ચ અને પ્રતિષ્ઠિત હિંદી પત્રના સુવિદ્વાન્ અને ઇતિહાસપ્રેમી સંપાદક શ્રીયુત્ નાથુરામજી પ્રેમીને ઘટે છે. જૈન જનતામાંથી તેમણે જ પ્રથમ આ વિષયમાં જ્ઞાન મેળવ્યું અને સ્વજાતિ તથા સામર્થ્યને ભુલાવી નાંખનાર–ગુમાવી દેનાર જૈન કોમને ભૂતકાલના ગૌરવનું સ્મરણ કરાવવાની પવિત્ર ઇચ્છાથી પોતે મેળવેલી હકિકતનો પોતાના ધર્મબંધુઓને લાભ આપવા માટે જૈન હિતૈષીના વીરસંવત્ ૨૪૩૯ ના ભાદ્રવા માસના અંકમાં આ લેખ અને સ્થાનના વિષયમાં સંક્ષિપ્ત ઉલ્લેખ કર્યો. " ઓડીસા જેવા સુદૂરના પ્રદેશમાં–જ્યાં વર્તમાનમાં એક પ્રકારથી જૈનોનું ચિન્હસુધાં પણ નથી, ત્યાં એક વખતે જૈન ધર્મની વિજયદુંદુભિ વાગતી હતી, એ જાણી કયા જૈનને આનંદ અને આશ્ચર્ય નહીં થશે ? " આવા પ્રકારના સારગર્ભિત વાકયદ્વારા આખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન કોમને એ વિષયની વધામણી આપી. ( પ્રેમીજીને એના બદલામાં અનેક ધન્યવાદ ! )

શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરના નિર્વાણ બાદ ચંદ્રગુપ્ત, સંપ્રતિ, વિક્રમાદિત્ય અને શિલાદિત્ય આદિ રાજાઓ જૈનધર્મ પાળનારા અને જૈન શાસનની પ્રભાવના કરનારા થઈ ગયાના ઉલ્લેખો આપણે જૂના ગ્રંથોમાં વાંચીએ છીએ, પરંતુ તે કથનની સત્યતા સિદ્ધ કરનારો એક પણ વિશ્વસનીય ઐતિહાસિક પ્રમાણ–કે જેને સર્વ કોઈ કબૂલ કરે–આજ સુધી ઉપલબ્ધ થયું નથી. ઉલટું જેમને આપણે જૈન હોવાનું કહીએ છીએ તેઓ બૌદ્ધધર્મી હોવાના કેટલાક સંદિગ્ધ પ્રમાણો મળતા રહે છે. તેમજ બીજા પણ અનેક બૌદ્ધ રાજાઓના સ્તૂપો, તામ્રપત્રો, શિક્કાઓ અને શિલાલેખો આદિ ઘણા ઘણા ઐતિહાસિક પ્રમાણો મળ્યા છે–અને મળતા જાય છે. પરંતુ જૈન રાજાઓના વિષયમાં આવું કાંઈ નહિ જણાયાથી, આ નવીન યુગના પ્રારંભમાં, સત્યાન્વેષી અને નિષ્પક્ષ એવા કેટલાક વિદ્વાનો જૈન ધર્મની પ્રાચીનતાના વિષયમાં અને તેની જાહોજલાલીના સંબંધમાં અનેક પ્રકારના જૂદા જૂદા ભૂલ ભરેલા વિકલ્પો કરવા પામ્યા હતાં. જેમ જેમ શોધખોળનું કાર્ય આગળ વધતું ગયું, નવા નવા જૈન ગ્રંથો હસ્તગત થતા ગયા અને વિદ્વાનોમાં જૈન સાહિત્ય પ્રસાર પામતું ગયું, તેમ તેમ તે ભ્રમિક વિચારો સુધરતા ગયા. પરંતુ બૌદ્ધ ધર્મની માફક જૈન ધર્મ પણ કોઈ વખતે રાષ્ટ્રીયધર્મ અને રાજમાન્યમત ગણાતો હતો એ વાત વિદ્વાનોને ગળે લાંબા સમય સુધી ઉતરી ન્હોતી. આવાજ સમયમાં ખંડગિરિની હાથીગુફાના એ લેખ ઉપર વિશેષ પ્રકાશ પડયો અને તેમાંથી પ્રતાપી અને વિજયી રાજા મહામેઘવાહન ખારવેલની જૈનધર્મપ્રિયતાના જાજ્વલ્યમાન અને અસંદિગ્ધ ઉલ્લેખો મળી આવ્યા તેથી વિદ્વાનોનાં હૃદયમાં એકદમ જૈનધર્મના પ્રાચીન ગૌરવને ઉચિત્ત સ્થાન મળ્યું. જેમ અશોક આદિ બૌદ્ધનૃપતિઓ બુદ્ધદેવની આજ્ઞાના પાલન કરનારા અને તેમના ધર્મનો પ્રચાર કરનારા થઇ ગયા છે, તેમ શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર દેવના શાસનને શોભાવનારા અને તેમને પૂજનારા ચંદ્રગુપ્ત, સંપ્રતિ અને ખારવેલ આદિ પ્રભાવશાળી રાજાઓ પણ થઇ ગયા છે. આવી રીતે હાથીગુફાના એ લેખે જૈન ધર્મની પ્રાચીનતા અને પ્રભુતા ઉપર અપૂર્વ પ્રકાશ પાડયો છે.

પ્રેમીજીના ઉપર્યુક્ત લેખને વાંચી મ્હને હાથીગુફાના મૂળ લેખને તથા તેના સ્થાન વિગેરેના વિશેષ વર્ણનને જોવાની પ્રબળ ઉત્કંઠા થઇ પરંતુ તે વખતે પુસ્તકો મળી શકે તેવી અવસ્થા ન હોવાથી તેમજ કયા પુસ્તકમાં તે મૂળ લેખ વિગેરે છપાયલા છે તે ન જણાયાથી ત્યારે તો તે ઉત્કંઠા શમાવી દેવી પડી. લગભગ ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષ પછી આ વખતે અહિં ( વડોદરામાં ) " प्राचिन जैन लेख संग्रह " નામના પુસ્તકની સામગ્રી એકત્ર કરતાં આર્કિઓ લોજીકલ સર્વે ઑફ ઇન્ડીયાના સન્ ૧૯૦૨–૩ ના એન્યુલ રીપોર્ટ ( Archœo Logical Survey of India. Annual Report I 1902–3 ) માં ખંડગિરિ સંબંધી થોડીક હકિકત જોવામાં આવી.* તેમજ ફ્રેંચ વિદ્વાન્ ડો. ગેરીનોટ ( GUERINOT ) ના Repertoire D'epigraphic Jaina નામના પુસ્તકમાંથી તે પુસ્તકનું નામ પણ મળી આવ્યું કે જેમાં હાથી ગુફાનો એ મૂળ લેખ શુદ્ધ રીતે છપાયેલો છે. આ પુસ્તકનું નામ Actes du Sixieme congres internationaldes orientalistes tenu en 1883 a Leide એ છે. આના ૩ ભાગમાં પૃષ્ઠ ૧૩૨ થી ૧૭૯ સુધીમાં " કટક નજીક આવેલી ઉદયગિરિની ટેકરી ઉપરના હાથીગુફા તથા બીજા ત્રણ લેખો. " ( The Hathigumpha and three other Inscriptions in the Udayagiri caves near cuttack. ) નામનો નિબંધ છે; જે પ્રખ્યાત વિદ્વાન્ પંડિત ભગવાનલાલ ઇંદ્રજીનો લખેલો છે. આ નિબંધમાં પંડિતજીએ હાથીગુફાના મૂળ લેખનો શુદ્ધ પ્રાકૃત પાઠ, તેનું સંસ્કૃત અને અંગ્રેજીમાં ભાષાંતર તેમજ લેખનું સવિસ્તર સ્પષ્ટીકરણ આપેલું છે.

તપાસ કરતાં આ પુસ્તક અહિંની સેંટ્રલ તથા કૉલેજની લાઇબ્રેરીમાં ક્યાંય પણ મળ્યું નથી. અમદાવાદ અને મુંબઈ તપાસ કરાવતા પણ પતો લાગ્યો નથી. અંતે પૂનામાં આર્કિઓ લોજીકલ સર્વે ઑફ ઇન્ડીયા, વેસ્ટર્ન સર્કલના સુપ્રીન્ટેન્ડેન્ટ શ્રીયુત્ દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકર એમ. એ. મહાશય કે જેઓ જૈન સાહિત્ય અને ઇતિહાસ ઉપર વિશેષ પ્રેમ ધરાવે છે, તેમના ઉપર લખવાથી તેમણે એ પુસ્તક મ્હને મેળવી આપ્યું કે જેના માટે હું તેમનો આભારી છું. પંડિતજીના એ લેખનો સંપૂર્ણ ગુજરાતી અનુવાદ જૈન સમાજની જાણકારી ખાતર અત્રે આપવામાં આવે છે. ÷

**मुनि जिनविजय.**

અશોકના વખત પછી પૂર્વહિંદુસ્તાનનો ઇતિહાસ તથા તેની ભાષાવિષે માહિતિ મેળવવામાં *હાથીગુફા લેખ ઘણોજ ઉપયોગી છે. પ્રથમ તેને ઈ. સ. ૧૮૩૦માં

---

* આ લેખનો અનુવાદ પણ આગળ ઉપર આપવામાં આવશે.

÷ આ નિબંધ પછી બીજા પણ કેટલાક આ સંબંધના ઉપયોગી ઉતારાઓ કે જે જૂદા જૂદા પુસ્તકોમાંથી સંગ્રહવામાં આવ્યા છે તે આપવામાં આવશે.

* હાથીગુફા જગ્યાની ઓળખાણ આપતા મેજર કીટ્ટે ( Kittœ ) એ "જર્નલ ઑફ ધી બેંગાલ એસીયાટીક સોસાયટી " ના પુસ્તક ૬, પૃષ્ઠ ૧૦૭૯ માં નીચે પ્રમાણે વર્ણન આપ્યું છે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મી. સ્ટર્લીંગે (Stirling) કર્નલ મેકેન્ઝીની બનાવેલી અપૂર્ણ નકલ ઉપરથી પ્રકાશિત કર્યો હતો.[૧] મેજર કીટ્ટુએ ઈ. સ. ૧૮૩૭ માં નજરે જોઇને તેની નકલ કરી, અને આ નકલ ઉપરથી પ્રીન્સેપે ભાષાંતરસહ પ્રસિદ્ધ કરી, તે વખતે આ વિષયનો પ્રારંભજ હતો તેથી પ્રથમના ભાષાંતરમાં કેટલીક ચૂકો થઈ હોય તો તેથી કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. જાણવા જેવું માત્ર એ છે કે જે રાજાના વખતમાં આ લેખ થયેલો છે, તે રાજાનું નામ પ્રીન્સેપ વાંચી શકયા નહિ અને હજુ પણ આ ભૂલ કોઇએ સુધારી નથી.

ઈ. સ. ૧૮૭૭ માં જનરલ કનિંગહામે કૉરપસ ઈંડીસ્ક્રીપ્શ્યૉનમ ઈંડીકૉરમ (Corpus Indiscriptionum Indicorum) ના પુ. ૧ માં આ લેખની નકલ (પ્રીન્સેપની નકલ સાથે) આપી છે; પણ મેજર કીટ્ટુની નકલ કરતાં આ નકલથી કાંઈ વધારે પ્રકાશ પડયો નથી. ત્યારબાદ ડૉકટર રાજેંદ્રલાલ મિત્રે પોતાના એન્ટીક્વીટીઝ ઑફ ઑરિસ્સા (Antiquities of Orissa) નામક પુસ્તકમાં તેનું ભાષાંતર બહાર પાડયું. આ ભાષાંતર વિષે ઘણી આશાઓ રાખવામાં આવી હતી; પણ કાંઈ અજવાળું પાડવાને બદલે ઉલટો તેનાથી ગુંચવાડો વધ્યો. આ નિબંધ સાથે જે નકલ આપવામાં આવી છે તે ઇ. સ. ૧૮૬૬ માં ડૉકટર ભાઉ દાજીને માટે મેં જાતે પ્રત્યક્ષ જોઇને તૈયાર કરેલી નકલ ઉપરથી તથા કલકત્તા સ્કુલ ઑફ આર્ટ્સના મી. લોકે (Locke) જે પ્લાસ્ટર ફોટોગ્રાફ લીધેલો અને જે જનરલ કનીંગહામે મારા તરફ મોકલી આપ્યો, તે ઉપરથી તૈયાર કરેલી છે. (અપૂર્ણ.)

---

" ખંડગિરિ અને ઉદયગિરિની ટેકરીઓ પત્થરીઆ પહાડની લાંબી હારના ભાગો છે આ પહાડ ઓરીસ્સાની પત્થરની ટેકરીઓના તળીઆ નજીક થઇને, ઑટઘર ડેકકુનલ (Autghar Dekkunol) થી કૂર્દા (Kurda) થઇ દક્ષિણ દિશામાં ચિલ્કા સરોવર તરફ આગળ વધે છે. ભોબનેશ્વરથી ઉત્તર–પશ્ચિમમાં ચાર માઇલ દૂર ખંડગિરિ આવેલું છે; અને કટકથી દક્ષિણ–પશ્ચિમમાં ૧૯ માઇલ દૂર છે. આ બે પહાડોની વચમાં લગભગ ૧૦૦ યાર્ડ પહોળી એક ખીણ છે. ખંડગિરિના મથાળા ઉપર બહુ જ થોડી ગુફાઓ છે. ઉદયગિરિના દક્ષિણ તરફના મથાળા ઉપર નાની નાની અનેક ગુફાઓ આવેલી છે. લોકોમાં એવી દંતકથા પ્રચલિત છે કે ઉદયગિરિમાં પ્રથમ ૭૫૨ ગુફાઓ હતી આમાની ઘણી ગુફાઓ ટૂટી ફૂટી ગઇ છે, તો પણ હજી ઘણી ગુફાઓ તદ્દન આખી છે. અમુક કદની કોઈપણ ગુફા નથી ઘણીખરી ૬'×૪' લંબાઇ પહોળાઇમાં તથા ૪ થી ૬ ફીટ ઉંચાઇમાં હોય છે. તેમની આગળ એક ઓટલો છે. તથા નાના નાના દ્વાર છે, કે જે પહાડમાંથી કોતરી કાઢેલા છે, કેટલીક ગુફાઓ વિચિત્ર આકારની કોરી કાઢેલી છે જેવી કે " સર્પગુફા " " વ્યાઘ્રગુફા " વિગેરે.

૧ એસીયાટીક રીસર્ચીસ પુ. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન દ્રષ્ટિએ શરીરસ્વરૂપ.

જગતની અંદર વસ્તા તમામ જાતના મનુષ્યના શરીરની રચના એક જાતની હોય છે. બે પગ, બે હાથ, મોઢું, માથું, કાન, ઇત્યાદિ શરીરની રચના, એક સરખી હોય છે. પછી તે ગમે તે દેશમાં જન્મેલો હોય. શરીરની સુંદરતા, ઉંચાઇ, અથવા નિચાઈ, અને વર્ણમાં દેશ આશ્રી તફાવત માલમ પડે છે. તેમજ ઇંદ્રિઓની શક્તિમાં ન્યુનાધિકપણું માલમ પડે છે. કેટલાક આ શરીરનો બનાવનાર પરમેશ્વર છે અને સારા અથવા નરસાપણાના કારણમાં પરમેશ્વર, ઇશ્વરની મહેરબાની અથવા ગેરમહેરબાનીનું કારણ માની સંતોષ માને છે. જૈનશાસ્ત્રકારોની માન્યતા આ બાબતમાં કેવી છે, એ આપણે જાણવાની તજવીજ કરીશું તો તેથી તેના વાસ્તવિક જ્ઞાનથી આપણે માહીતગાર થઇશું. શરીરની રચના કેવા પ્રકારે થાય છે. એટલે પિતાના વીર્ય અને માતાના રૂધિરથી પિંડ ઉત્પન્ન થઇને શરીરની રચનાની શરૂઆત કેવી રીતે થાય છે, એ બાબતમાં વૈદ્યક ગ્રંથોમાં ઘણું વિવેચન છે, તે પણ જાણવા અને સમજવા જેવું છે. આ સ્થળે વૈદ્યક દ્દષ્ટિથી આ વિષય નહી જોતાં જૈન શાસ્ત્રમાં બતાવેલા વર્ણનથી આપણે તેને તપાસીશું.

જૈન દર્શન અને જૈનેતર દર્શનની માન્યતામાં જે એક મુખ્ય ભેદ છે, તે એ છે કે જૈનો જગત્ અને જગત્‌ની અંદર રહેલા દ્રવ્યો પદાર્થોના કર્ત્તા ઇશ્વર યાને પરમેશ્વર છે, એમ માનતા નથી, ત્યારે બીજા દર્શનવાળાઓ તેના કર્તાપણાનો આરોપ પરમેશ્વરમાં કરે છે અને જગતનો કર્ત્તા પરમેશ્વર છે, એમ માને છે. દરેક દર્શનવાળાઓ પોતાની માન્યતા માટે યુક્તિપૂર્વક સાધક બાધક દલીલો બતાવે છે. અને તે દરેકના શાસ્ત્રમાં બતાવેલી છે. હાલ અત્રે તે વિષે આપણે વિચાર કરતા નથી. અત્રે ફક્ત શરીર સંબંધીની માન્યતા કેવા પ્રકારની છે તેટલા પુરતુ યત્કિંચીત્ જાણવાનો પ્રયાસ છે.

જીવ અરૂપી છે, છતાં અનાદિ કાળથી તેનો શરીર સાથે સંબંધ બની રહ્યો છે. એ બેના સંયોગની શરૂઆત કયારથી થઈ તે મુકરર થઇ શકે તેમ નથી. ને તેજ કારણસર એ બેનો સંયોગ અનાદિ માન્યો છે.

શરીરનો કર્તા જીવ છે. દરેક જીવ પોતપોતાના શુભાશુભ કર્મનો કર્તા છે. અને તેજ તેનો ભોક્તા છે. શરીરની રચના, ઇંદ્રિયાદિમાં તફાવત વિગેરેના કારણમાં તે તે જીવના પુર્વકૃત શુભાશુભ કર્મ છે. તે કર્મના આઠ પ્રકાર છે. ને તેના ઉતરભેદ એકસોઅઠાવન છે. આ એકસોઅઠાવન ભેદમાં નામ, કર્મ, નામના એકસોત્રણ ભેદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેની અંદર શરીર, નામ કર્મ અને તેના લગતા બીજા કર્મોનો સમાવેશ કરવામાં આવેલો છે.

શરીર પાંચ પ્રકારનાં છે. ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, અને ૫ કાર્મ્મણ. તેમાં આપણો ઔદારિક શરીરના સાથે વિશેષ સંબંધ છે તે માટે માહિતી મેળવવાની છે. કેમકે વૈક્રિયશરીર સામાન્ય રીતે મનુષ્યને હોતું નથી. તે શરીરના અધિકારી દેવતા, અને નારકી છે. જે જીવ દેવતા અથવા નારકીની ગતિમાં ઉત્પન્ન થાય છે, તેમને તે શરીર અવસ્ય હોય છે. મનુષ્ય અને તિર્યંચ એ શરીરના અધિકારી નથી, પણ તપશ્ચર્યાદિ ગુણોથી જો તેઓ વૈક્રિયલબ્ધિ ઉત્પન્ન કરે તો તેઓ વૈક્રિયશરીર કરી શકે છે. વૈક્રિય શરીરવાળો, એક છતાં અનેક શરીર બનાવી શકે, મ્હોટું શરીર બનાવે, ન્હાનુ બનાવે, વિવિધ પ્રકારના રૂપ બનાવે, દૃશ્ય, અદૃશ્ય ઇત્યાદિ વિવિધ ક્રિયા કરે અથવા તેથી જે રૂપ બનાવે તેને વૈક્રિયશરીર કેહવામાં આવે છે. વૈક્રિયશરીરવાળાને હાડકાં હોતાં નથી. વૈક્રિયની પેઠે આહારકશરીર પણ સામાન્ય મનુષ્ય બનાવી શકતું નથી. જો કે આહારકશરીર બનાવવાની શક્તિ મનુષ્યનામાં છે, પણ તેના અધિકારી મહાત્મા મુનિયો છે. મુનિયોમાં પણ જે મુનિયોએ ચૌદપુર્વનું જ્ઞાન મેળવેલું હોય, જેઓ આ કાળમાં આ ક્ષેત્રમાં હોતા નથી, તેઓ મહાત્માઓને તીર્થંકરની ઋદ્ધિ જોવાની ઇચ્છા થાય, અથવા કોઇ જાતનો સંશય ઉત્પન્ન થાય તો, તે નિમિત્તે આહારકશરીર લાયક ઉત્તમ પુદ્ગલ આહારી–લેઇને મુંઢા હસ્ત પ્રમાણ શરીર કરે, તેને આહારકશરીર કહે છે. તે શરીર અતિ નિર્મળ હોય છે. અને તેને કોઇક દેખે અને કોઇક ન દેખે એવું હોય છે. તે આહારકશરીરની મદદથી પોતાની ઇચ્છા પુરી કરે છે. અને સંશયનું સમાધાન મેળવે છે.

તૈજસ શરીર અને કાર્મણશરીર મોક્ષને પ્રાપ્ત થએલા જીવો શિવાયના તમામ જીવોને હોય છે. આપણે જ્યારે કોઇનું મરણ થએલું જોઇએ છીએ, તે વખતે જીવ ઔદારિક શરીરનો ત્યાગ કરીને બીજી ગતિમાં જાય છે. પણ તૈજસ શરીર અને કાર્મ્મણ શરીર તો તે જીવની સાથે જ હોય છે. એ બે શરીર સામાન્યતઃ જીવથી જુદા પડતાં નથી. તેનો ઉદય તેરમે ગુણઠાણે વર્તતા કેવળજ્ઞાનીઓને પણ હોય છે અને તેની સત્તા ચૌદમા અયોગી ગુણઠાણાના છેલ્લા સમય થકી આગળના સમય લગી હોય છે. તૈજસશરીર તેજના પુદ્ગલથી ઉત્પન્ન થાય છે. તે અદૃશ્ય છે, અને આહારને પચાવવાની ક્રિયા કરે છે. જેણે તેજોલેસ્યાની લબ્ધિ ઉત્પન્ન કરી છે, તે જો, તેજોલેસ્યા મુકે તો, તેના હેતુભુત આ શરીર છે. જીવ કાર્મ્મણશરીર યોગ્ય કર્મપુદ્ગલને ગ્રહણ કરીને રૂપીપણે પોતાના પ્રદેશો સાથે મીલાવી દે છે. આ કાર્મ્મણશરીરના પુદ્ગલો અતિ સૂક્ષ્મ છે તેથી વિશેષ જ્ઞાની શીવાય તેને કોઇ દેખી શકતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કાર્મ્મણશરીરની રચનાનો વિષય અતિ ગહન છે. તેના વિવેચનમાં હાલ આપણે નહીં ઉતરતાં ઔદારિક શરીરની રચનાની જ મુખ્યત્વે માહિતી મેળવવાની તજવીજ કરીશું.

શરીરની વ્યાખ્યા એવી કરી છે કે પ્રતિક્ષણે પુદ્ગલ ઉપચય અપચયે કરીને વધે ઘટે તે શરીર કહેવાય. મતલબ કે આ શરીરની રચના એહવા પ્રકારની છે કે તેમાં ક્ષણે ક્ષણે ઉપચય અપચય થયા કરે છે. શરીર વધે છે, ઘટે છે, સુકાય છે, જાડું થાય છે. એ એનો સ્વભાવિક ધર્મ છે. આ ઔદારિકશરીરના અધિકારી મનુષ્ય અને તિર્યંચ છે. સર્વજીવોની અપેક્ષાએ તીર્થંકર, ગણધરનાં શરીર સર્વથી ઉત્તમ હોય છે, તેમજ તીર્થંકરનું વધતામાં વધતુ માન–કદ પાંચશેંહ ધનુષનું હોય છે, માટે ઔદારિકશરીર એવી સંજ્ઞા આપવામાં આવેલી છે.

આ ઔદારિક શરીર અંગ, ઉપાંગ અને અંગોપાંગનું બનેલું હોય છે. ૨ બે બાહુ–હાથ–૨ બે ઉરૂ–સાથળ–૧ પૃષ્ટિ–વાંસો–૧ શિર–મસ્તક–૧ ઉર–હૃદય–૧ ઉદર–પેટ–એ આઠ શરીરમાં હોય છે તેને આઠ અંગ કહેવામાં આવે છે. એ અંગમાં જે આંગળીઓ પ્રમુખ છે, તેને ઉપાંગ કહેવામાં આવે છે. અને તે ઉપાંગ-માં શેષ, જે પર્વ, રેખા, નખ, રોમાદિક હોય છે તેને અંગોપાંગ કહેવામાં આવે છે. આ ઉપાંગ ઔદારિક શરીરની પેઠે વૈક્રિયશરીર અને આહારક શરીરને પણ હોય છે. તૈજસશરીર અને કાર્મ્મણશરીર તો જીવના પ્રદેશોને મળીને રહે છે, તેને ઉપાંગ હોતાં નથી.

પાંચ પ્રકારના સ્થાવર જીવ એકેંદ્રિયવાળા હોય છે. તેમનું શરીર પણ ઔદારિક શરીરની કોટીમાં આવે છે. જગતમાં એક ઇંદ્રિયવાળા, બે·ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા, અને પાંચ ઇંદ્રિયવાળા જીવ હોય છે. એક ઇંદ્રિયવાળા જીવને એકલું શરીર હોય છે, જેને સ્પર્શઇંદ્રિય કહેવામાં આવે છે. આ એક ઇંદ્રિય-વાળા જીવમાં પૃથ્વિ, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયનો સમાવેશ કરેલો છે. આ એક ઇંદ્રિયવાળા જીવોમાં સ્થિર રહેવાનો સ્વભાવ છે. તેઓ પોતાની ઇચ્છાથી હાલી ચાલી શકતા નથી, પણ સ્વભાવ અને પરપ્રેરણાથી જ તે હાલી શકે છે. જો કે તેનું અને વાયુકાયના જીવોનો સ્વભાવ ગમનશીલ છે, તેથી તેને ગતિ ત્રસમાં ગણે છે પણ તેનો સમાવેશ જાતિ ત્રસમાં થતો નથી તે તો સ્થાવરની જાતિમાં જ ગણાય છે.

જે જીવોને શરીર અને રસનેંદ્રિ હોય તેને બેઇંદ્રિયવાળા જીવ કહે છે. એ બે ઉપરાંત જેને ઘ્રાણેંદ્રિ–નાક–હોય છે, તેઇંદ્રિયવાળા જીવ કહેવાય છે. તે ઉપરાંત જેમને ચક્ષુ–આંખ હોય છે તે ચૌરિંદ્રિવાળા જીવ કહેવાય છે. અને જેને તે ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરાંત કાન–શ્રોત ઇંદ્રિય હોય છે તે પંચેંદ્રિય કહેવાય છે. આ પાંચ ઇંદ્રિવાળા જીવોમાં મનુષ્ય હોય છે, અને તિર્યંચ પણ હોય છે. ગાય, બળદ, ભેંશ, ઘોડા, હાથી ઈત્યાદિ, જેઓને પાંચ ઇંદ્રિ હોય છે તેઓ તિર્યંચ પંચેદ્રિની કોટીમાં આવે છે.

આપણો જીવ સમય સમય આહાર લે છે. આપણે જે આહાર કરીએ છીએ તે તો કવળાહારની ગણત્રીમાં આવે છે. આપણે ઉપવાસ કરીએ છીએ, તે તો કેવળ આહાર અનાજ વિગેરે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીએ છીએ, તો પણ જીવ સમય સમય આહાર લે છે, તેની તે ક્રિયા બંધ થતી નથી. મોક્ષ પ્રાપ્ત કરી જેઓએ જન્મ મરણનો ફેરો ટાળી દીધો છે, સદા શાશ્વત સ્થાનમાં રહે છે, જેઓ અશરીરી છે તેમને આહાર કરવાનો હોતો નથી; તેઓજ અણાહારી કહેવાય છે. તે સિવાય જે જીવ એક ભવ છોડી બીજા ભવમાં જાય છે, તેમને વિગ્રહ ગતિ કરવી પડે છે, તો જેટલા સમય વિગ્રહ ગતિમાં જાય તેટલા સમય તે આહાર કરતો નથી. બાકી આહાર ગ્રહણ કરે છે.

આપણામાં છ જાતની પ્રર્યાપ્તિ હોય છે. આ પ્રર્યાપ્તિ એ જીવની શક્તિ છે. (૧) જીવ આહાર લેઈને તેનો રસ કરે છે, તે આહાર લીધા પછી રસ, બલાદિ રૂપે તેને પરિણમાવે તેને આહાર પર્યાપ્તિ કહે છે. જીવ ગર્ભમાં ઉત્પન્ન થતાની સાથેજ આ શક્તિ વડે આહાર ગ્રહણ કરે છે. (૨) તે આહારને રૂધિર માંસાદિક સાત ધાતુરૂપ શરીરપણે પરિણમાવે છે; એ જે શક્તિથી એ કાર્ય કરે છે, તે શરીર પર્યાપ્તિ એ નામથી ઓળખાય છે. (૩) ઇંદ્રિય યોગ્ય પુદ્દગલો ગ્રહણ કરીને તે ઇંદ્રિયપણે પરિણમાવે છે; તેને ઇંદ્રિય પ્રર્યાપ્તિ કહે છે. (૪) ચોથી શ્વાસોશ્વાસ પ્રર્યાપ્તિ છે, કે જેના વડે જીવ શ્વાસોશ્વાસ યોગ્ય વર્ગણા ગ્રહીને તે પુદ્દગલ શ્વાસોશ્વાસપણે પરિણમાવી મુકે છે. આ ચાર શક્તિઓ જે આપણે ઉપર પાંચ સ્થાવર એકેંદ્રિવાળા જીવ કહ્યા તેમનામાં પણ હોય છે. વનસ્પતિમાં જીવ છે એ વાતની ખાત્રી હાલના જમાનાની શોધખોળથી પણ આપણને થઈ છે. ડાકટર બોઝે પોતે એ વાત પોતાની શોધના અંતે ખાત્રી કરી જણાવી છે, એટલુંજ નહીં પણ જેવી રીતે આપણે શ્વાસોશ્વાસ લેઇએ છીએ તેવી રીતે વનસ્પતિ પણ શ્વાસોશ્વાસ લે છે, એમ પણ તે જણાવે છે. જૈન શાસ્ત્રના પ્રણેતા પરમાત્મા તીર્થંકર સર્વજ્ઞ હતા, તેમણે પોતાના જ્ઞાનથી વસ્તુના જે સ્વભાવ જોએલા તે તેમણે બતાવેલા છે. જે વાત આપણે જાણી શકીએ નહીં તે વાત શ્રદ્ધાથી માનવી. તેમાં કેટલાક પ્રત્યક્ષ પ્રમાણની ઇચ્છિાવાળા શ્રદ્ધાની વાતને ગૃહણ કરતા નહીં, પણ ડાકટર બોઝ પ્રયોગોથી એ વાત સિદ્ધ કરી બતાવે છે, એટલે પ્રત્યક્ષ પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણુથી પણ એ વાતની ખાત્રી થાય છે. વનસ્પતિમાં જીવ છે એ વાતની ખાત્રી પ્રત્યક્ષ પ્રમાણુથી થાય છે, તો આગળ જતાં એક વખત એવો પણ આવશે કે બાકીના ચારે એકેંદ્રિયમાં પણ જીવ છે, તે વાત પ્રત્યક્ષ પ્રમાણુથી ખાત્રી કરી આપનાર મળી આવશે કે તે ચારેમાં જીવ છે. એ વાતની શ્રદ્ધામાં ફેરફાર કરવાને આપણને કારણ નથી. કેમકે તે વાત સર્વજ્ઞ ભગવંતે પોતાના જ્ઞાનથી પ્રત્યક્ષ જોએલી છે. અને તેમણે જોએલી વાતજ કહેલી છે. તેઓ વીતરાગ એટલે રાગદ્વેષથી રહિત હતા, તેથી ખોટી વાતની પ્રરૂપણા કરવાની તેમને જરૂર ન હતી.

(૫) ભાષા પર્યાપ્તિ—આ શકિતથી જીવ ભાષાવર્ગણા યોગ્ય પુદ્ગલ દ્રવ્યો ગ્રહી તેને વચનપણે પરિણમાવી મુકે છે. આ શક્તિ વીકલેંદ્રિને બે, ત્રણ, ચાર, ઇંદ્રિયવાળા જીવને હોય છે, જગત્‌ની અંદર ભાષા વર્ગણા યોગ્ય પુદ્ગલો છે, એને માટે હવે વાદ વિવાદ કરવાનું કારણુજ રહ્યું નથી. ઍડીશનના ફોનોગ્રાફે આપણી ખાત્રી કરી છે. જૈન શાસ્ત્રકારો શબ્દને પુદ્ગલ દ્રવ્ય માને છે, જ્યારે બીજા કેટલાક દર્શનવાળાઓ શબ્દને આકાશ માને.છે. પૂર્વકાળમાં આ વિષયના વાદને માટે મોટા ઝઘડાઓ ચાલતા હતા, પણ હવે જ્યારે પ્રત્યક્ષ પ્રમાણુથી એ વાતની આપણી ખાત્રી થઈ છે કે વચન-ભાષા-પુદ્ગલથી બને છે. તો પછી તે માટે વિશેષ વિચારની જરૂર નથી. (૬) મનપ્રયાપ્તિ—આ શકિત વડે જીવ મનયોગ્ય વર્ગણાનાં દલિયાં ગ્રહણુ કરી તેને મનરૂપે પરિણમાવી મુકે છે. જે પંચેંદ્રિ જીવોમાં એ શકિત હોતી નથી, તેઓને અસંજ્ઞી પંચેંદ્રિય કહેવામાં આવે છે અને જેમનામાં એ શકિત હોય છે, તેમને સંજ્ઞી પંચેંદ્રિય કહેવામાં આવે છે. આપણો સમાવેશ આ સંજ્ઞી પંચેંદ્રિમાં થાય છે.

જીવની જે છ શકિતઓનું આપણે ઉપર દીગ્દર્શન કરી ગયા છીએ તે શકિતઓ જ્યાંસુધી વ્યવસ્થાસર ચાલે છે, ત્યાંસુધી શરીરની ચાલુ વ્યવસ્થામાં કંઈ હરકત આવતી નથી. જ્યારે એ છ શકિતઓમાં કંઈ કમી જાસ્તી થાય છે, ટલે શરીરનો ચાલુ વ્યવસ્થામાં ફેરફાર થાય છે અને વ્યાધિઓ ઉત્પન્ન થાય છે.

ઔદારિકાદિ શરીરમાં પ્રથમ બાંધેલા પુદ્ગલ કાયમ હોય અને જીવ નવા ગ્રહણુ કરે તે નવા ગ્રહણુ કરેલા પુદ્ગલને જુના સાથે મેળાવી દેવામાં આવે છે, તે મેલાવી દેવાનું કામ બંધન નામ કર્મનું છે તે એ કાર્ય બજાવે છે. એ કર્મનું કાર્ય એવા પ્રકારનું છે કે લાખ અથવા રાળ બે કાષ્ટાદિ પદાર્થને જોડી દે–એકીભાવ કરે, તેમ તેમ ગૃહીત અને ગૃહ્યમાણુ પુદ્ગલને એક કરે છે.

જગત્‌ની અંદર દરેક શરીરને લાયકની પુદ્ગલ વર્ગણાઓ જથ્થાબંધ ભરેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેમાં દરેક જીવ પોતાને ખપપુરતી તે ગ્રહણ કરે છે, તે પૃથક પૃથક પુદ્ગલોને એકઠા કરવાનું કાર્ય સંઘાતન નામનું નામકર્મ કરે છે. જેમ દંતાળી નામનું ખેડુતનું ઓજાર વિશેષ છે, તે છુટા વેરાયેલા તૃણના સમૂહને એકઠા કરવાનું કાર્ય બજાવે છે, તેમ આ સંઘાતન નામનું કર્મ પણ એ કાર્ય બજાવે છે.

આ શરીર રચનામાં કયું કર્મ અને કઈ શક્તિ શું શું કાર્ય બજાવે છે, તેનું વીગતવાર વર્ણન આપણે જાણી ગયા પછી આપણી એવી ખાત્રી થાય છે કે એ કાર્ય જીવ બનાવે છે.

ચાર ગતિની અંદર જીવને ઉપજવાની ચોરાશી લાખ યોનિઓ છે, જે જે યોનિમાં જીવ ઉત્પન્ન થવાનો હોય છે, તે તે યોનિના લાયક પોતાનું શરીર બનાવે છે. એ ચોરાશી લાખનું વર્ણન સમજવા જેવું છે. સાધારણ લોકોક્તિ પણ એવી છે કે જીવ ચોરાશીના ફેરા ફરે છે, એ ચોરાશીનો ફેરો ટાળી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું એ ખાસ કૃતવ્ય છે. ( અપૂર્ણ. )

**વકીલ નંદલાલ લલ્લુભાઈ.**
વડોદરા.

# કર્મ મિમાંસા.

( ૪ )

હમે ઉપર કહી ગયા છીએ કે મનુષ્યોએ કોઈ પ્રકારની પ્રબળ ઇચ્છા કરતા પહેલાં બહુ વિવેક કરવો આવશ્યક છે. તેને ખબર હોતી નથી કે પ્રબળ ઇચ્છા દ્વારા તે કેવા મહાન સામર્થ્યને ગતિમાન કરે છે, અને તેના વિકાસક્રમમાં એ ઇચ્છાના પરિપાક કાળે ઉત્પન્ન થવા યોગ્ય પરિણામ શું પ્રતિબંધો ઉપજાવે છે. દ્રવ્યની પ્રબળ વાસના આત્માને દ્રવ્યનો સંયોગ સાધી આપ્યા વિના રહેતી નથી. હરકોઈ પ્રકારે તેની પ્રાપ્તિ થાય તેવા સંયોગો તે ઇચ્છાનો વેગ સાધી આપે છે અને તેની પાસે અસાધારણ પુરૂષાર્થ કરાવી તે ઇચ્છા ઇષ્ટની સાથે આત્માને મીલાવે છે. પરંતુ તે પ્રાપ્ત થયા પછી આત્માની શું અવસ્થા થાય છે તે જ્ઞાનદ્રષ્ટિએ જોતાં ખરેખર બહુ ખેદ અને પરિતાપ ઉપજાવનાર છે. એ દ્રવ્ય સામગ્રી આત્માના વિકાસક્રમમાં સહાયક થવાને બદલે ઉલટી વિઘ્નકર થાય છે. પછી તો મનુષ્ય ઘણીવાર એક ભોગનો જંતુ બની જાય છે. મહાત્મા જેસસક્રીસ્ટે એક સ્થાને કહ્યું છે કે સોયના નાકામાથી ઉંટને સોંસરૂ નીકળવુ સંભવિત છે, પરંતુ ધનીક મનુષ્યને ઇશ્વર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ દુર્લભ છે. આ તેમના ઉદ્ગારો સર્વ દેશકાળના ધનીક સમુદાય સંબંધે હમને સત્ય જણાય છે. તેમની દ્રષ્ટિ એ ઉપભોગ સામગ્રીમાંજ સંકિર્ણ બની ગયેલી હોય છે. કદાચ કોઇ ઉચ્ચતર હેતુથી પ્રેરાઇને દ્રવ્યની પ્રબળ ઇચ્છા કોઈ વિરલ આત્માએ કરી હોય તો તેવા પ્રસંગે તે દ્રવ્ય કોઇ અંશે તેની આત્મ-પ્રગતિમાં સહાયક બને છે. પરંતુ ત્યાં પણ એ આત્માને, ઉદ્ધાર કરતા વિનાશના પથમાં વિચરવાના પ્રલોભનો બહુ પ્રબળ હોય છે. વિશ્વના કલ્યાણ અર્થે દ્રવ્યનો ઉપયોગ થયાના દ્રષ્ટાંતો એટલા તો અલ્પ છે કે મહાજનોને વિપુલ દ્રવ્ય સામગ્રીને ધીક્કારવાની ફરજ પડી છે, કેમકે સોએ નવાણુ ટકામાં એ સામગ્રી સ્વ અને પર ઉભયની અધોગતિનું નિદાન થએલી જોવામાં આવે છે. પોતાને ઉપયોગ પુરતુંજ દ્રવ્ય મનુષ્યોએ રાખવું ઉચીત છે. અને બાકીનું વિશ્વના શ્રેય અર્થે અર્પણ કરવું ઘટે છે. જો તેમ ન થાય તો ત્યાંથી આત્માની પ્રગતિ બંધ પડે છે. કેમકે આત્મા તે દ્રવ્યના સંગ્રહમાં બંધાએલો રહેછે, અને બંધ અને મુકિતને પરસ્પર વિરોધ હોવાથી એક તરફથી બંધમાં રહેવા ઇચ્છનાર આત્મા અન્યપક્ષે મુક્ત અવસ્થા મેળવવાની ખરી ઇચ્છા પ્રકટાવી શકતો નથી. પોતાની જરૂરીયાત કરતા અધિક અતિઘણી સામગ્રી એકઠી કરી મુક્તિના પથમાં વિચરવાનો દાવો કરનાર મનુષ્ય ઢોંગી છે અને પોતાને તેમજ જગતને પ્રપંચમાં ઉતારે છે. કદાચ તમે પૂર્વની ઇચ્છાના બળથી આ કાળે તમારી જરૂરીયાત કરતા અધિક દ્રવ્યનું પ્રમાણ મેળવ્યું હોય તો તેનો ઉપયોગ તમારે સત્વર તમારી આસપાસના બંધુ મનુષ્યોના કલ્યાણ અર્થે કરવો આવશ્યક છે. જો તેમ નહી થાય તો એ તમારી ઇચ્છાનું ફળ તમને જરૂર અનિષ્ટ પરિણામ ઉપજાવશે. એ ફળને તેના વાસ્તવિક ક્રમમાં તમે યોજી નહી શકો તો તે ઇચ્છારૂપી અમોઘ મંત્રથી પ્રકટાવેલો તે રાક્ષસ તમને પોતાને ગળી જશે. તેને તમારે કોઈપણ દિશામાં ગતિ તો આપવી જ પડવાની. સ્વાલ માત્ર એટલો જ છે કે એ પ્રવાહને અધોગતિના ચીલામાં વહેવડાવવો કે ઉન્નતિના ચીલામાં વહેવડાવવો. ઓ આત્મન્! આ સ્થળે તમારે વિવેક કરી નિર્ણય કરવાનો છે, કેમકે પૂર્વનો રસ્તો બહુ સરલ, સુગમ અને અસંખ્ય મનુષ્યોએ તે માર્ગે ગતિ કરેલી હોવાથી વિશાળ સડક જેવો રાજપથ બનેલો છે. ઉત્તરના માર્ગે કોઇ વિરલ અને જ્ઞાની આત્માએ જ ગતિ કરી પોતાની પૂર્વ કાળની દ્રવ્ય-એષણાના ફળને તે માર્ગે દોરી છે. હમે જાણીએ છીએ કે તે ઉત્તર માર્ગમાં ગતિ કરવી એ તમારે માટે બહુ દુષ્કર અને આ ભિષણ ભોગલાલસાના યુગમાં તો હસવા સરખું છે, પરંતુ સત્યની યથાર્થ દીશા એજ છે એટલું દર્શાવ્યા શિવાય રહેવાતું નથી.

આ વિશ્વનો પ્રત્યેક પદાર્થ જો આત્માની ઉચ્ચગામી પ્રગતિમાં જો સહાયક ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય તો તેને ઝેરી જંતુની માફક આપણા શરીરથી દૂર ફેંકી દેવો ઘટે છે. વાસ્તવમાં સ્ત્રી, પુત્ર, ગ્રહ, ધન આદિ મુક્તિના સાધનો છે, પરંતુ મનુષ્યોનો અવિવેક તેમને બંધના સાધનમાં ઉલટાવી નાંખે છે. આથીજ પૂર્વના જ્ઞાનીઓએ તેમનો બહિષ્કાર કરવાની ભલામણ કરી છે.* પરંતુ હમે તેમ કરવાની પણ ભલામણ કરી શકતા નથી. એકપક્ષે નિતાન્ત ત્યાગ અને અન્યપક્ષે અતિ ગ્રહણ એ ઉભયથી હમે વેગળા રહેવાની ભલામણ કરીએ છીએ. જ્યાંસુધી આત્માને શરીર આદિ સામગ્રી વળગેલી છે અને શરીરદ્વારાજ વિકાસ સાધવો પ્રાપ્ત થયો છે ત્યાં સુધી તેનો સુંદર પ્રકારે નિભાવ કરવા માટે પ્રત્યેક આવશ્યક વસ્તુનો સંગ્રહ ઉચીત અને અનિવાર્ય છે. આથી અઘટતો ત્યાગ પણ ત્યજવા યોગ્ય છે. અન્ય પક્ષે આવશ્યક ઉપરાંતનો અતિસંચય પણ અનિષ્ટ છે. કેમકે તે સંચય આવશ્યક્તાની હદ ઓળંગાવી ભોગલાલસામાં પડવાનું પ્રબળ નિદાન ઉભુ કરે છે. આત્માએ એ ઉભય છેડા ( extremes ) ની મધ્યમાં પોતાનું સમતોલ સ્થાન સાચવવાનું છે. કદાચ તમારામાં દ્રવ્ય ઉપાર્જવાની અસાધારણ શક્તિ હોય તો તે શક્તિના ઉપયોગનું ફળ કોઇ કલ્યાણકર પ્રવૃત્તિમાં યોજો, પણ તમારા વિનાશના માટે નહીજ. ઘણા મનુષ્યોને ઘણું દ્રવ્ય ભેગુ કર્યા પછી પણ શું હેતુથી એ એકત્ર કર્યું છે, તેનું ભાન હોતુ નથી. તેઓ પૂર્વની એક અખંડ વાસનાના બળથી કયાંય પણ આડી અવળી દ્રષ્ટિ કર્યા શિવાય પૂર્વની ઈચ્છાના ફળને એકઠા કર્યે જાય છે. પોતાના અર્થે પણ તેનો ઉપયોગ કરવાનું તેમને મન થતું નથી. તેમની આંતરૂ દશા એક યંત્રના જેવી હોય છે. વિશ્વમાં તેમના અસ્તિત્વનો શું હેતુ છે, કયા ઉદ્દેશને અનુસરીને તેમની પ્રવૃત્તિ હોય છે, તે પણ તેઓ જાણતા હોતા નથી. જેમ સોનાની ઝુલથી શણગારેલા બળદને પોતાના સુવર્ણ અલંકારનું ભાન હોતું નથી તેમ આવા ધનીક પોતાની પાસે શું સ્વપર કલ્યાણ કર સામગ્રી છે તેનું ભાન હોતું નથી. આ બધું એક વિવેકહીન પ્રબળ દ્રવ્યલાલસાનું ફળ છે.

એજ પ્રકારે યશની, કીર્તિની, ખ્યાતિની લાલસા પણ મનુષ્યને પામર બનાવી મુકે છે. ઘણા મનુષ્યોની જીવ્હા ઉપર પોતાનું નામ રમે, લોકો તેની વાહવાહ કરે, તેના તરફ ક્ષણભર તાકી રહે અને ટુંકામાં સર્વ કોઇનું ધ્યાન તેના તરફ દોરાય એવી વાસના ઘણા મનુષ્યોને રહ્યા કરતી હોય છે. તેમને એમ ખબર હોતી નથી કે મનુષ્યોના અભિપ્રાયનો બોજો ઉપાડવો એટલો દુષ્કર છે, કે યશની લાલસાવાળા મનુષ્યોને જન અભિપ્રાયને માન આપી પોતાની સ્વતંત્ર ઈચ્છાને દબાવી દેવી પડે છે.

* લેખકનું શાસ્ત્રકારના અભિપ્રાયથી જુદાપણું આ ઉપરથી સુચવાતું નથી કેમકે શાસ્ત્રકારોએ કોઇ વસ્તુનો એકાંત ત્યાગ કે આદર પ્રતિપાદન કરેલ નથી, જેથી લેખક—મહાશયની પોતાની માન્યતાવાળી હકીકત પણ શાસ્ત્રકારોના વિચારોમાંજ આવી જાય છે. મેનેજર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જાણુતો હોય છે કે આ વિદ્યાના યુગમાં વિદ્યા અર્થે ધનનો ઉપયોગ કરવો સર્વથી અધિક આવશ્યક છે, છતાં અજ્ઞાન ટોળાનો સારો અભિપ્રાય મેળવવો હોય તો તેણે જમણવારોમાં, નાતવરામાં વરઘોડામાં આદિ નિરૂપયોગી વ્યવહારોમાં દ્રવ્ય ખર્ચવું જોઇએ. યશની લાલસાથી બંધાએલા તે મનુષ્યને પોતાનો સાચો મત દબાવી પોતાનુ પ્રિય ધન લોકોનો યશ ખરીદવામાં વાપરવું પડે છે. યશની પ્રબળ ઇચ્છાવાળા આત્માઓ એવા કુટુમ્બમાં જન્મે છે કે જ્યાં કુળપરંપરાગત કીર્તિ વળગી રહેલી હોય છતાં તેને સાચવી રાખવા માટે જીવતોડ મહેનત કરવી પડતી હોય છે. ઘણા નિર્ધન પરંતુ ઉચ્ચકુળ અને કીર્તિવાળા કુટુમ્બોની દશા જેમણે અનુભવી અથવા જોઇ હોય છે તેમને ખાત્રી થએલી હોય છે કે કીર્તિ એ કેવો ભયંકર પિશાચ છે. તેને સાચવવા માટે પગલે પગલે નુકશાનમાં ઉતરવું પડે છે. પૈસાનો જોગ નહી છતાં દરેક ખરડાવાળાનું મન રાજીરાખ્યા શિવાય ચાલતું નથી. કુળગૌરવની ભારે તોક ગળામાં નિરંતર વેંઢારવી પડતી હોય છે. હવે તેને પશ્ચાતાપ થતો હોય છે કે તે આ કીર્તિકલીત કુટુમ્બમાં ન અવતર્યો હોતતો વધારે ઠીક હતું, પરંતુ પોતાની વાસનાનું પરિણામ ભોગવ્યા શીવાય હવે તેને છુટકો નથી.

ખરી રીતે કીર્તિ એ તમારા સદાચરણોનો પડછાયો છે. તે તમારી સત્કૃતિની પાછળ પાછળ પોતની મેળેજ આવતી હોય છે. જેમ તમે ચાલતી વખતે તમારો પડછાયો બરોબર પડે છે કે નહી તે જોવાની કશી દરકાર કરતા નથી, તેમ તમારી શુભકૃતિઓની પછવાડે ખ્યાતિ કે જનમત ઘસડાય છે કે કેમ એ જોવાની પરવા તમારે કરવી ઉચીત નથી. જેમ તમારી ગતિ અને હલન ચલન એ કાંઇ પડછાયા માટે નથી, તેમ તમારા સત્કૃત્યો એ કાંઇ કીર્તિ ખાટવા માટે નથી. એતો એ કૃતિઓનું એક સ્વાભાવિક સહચારી ઉપકરણ છે તેનાતરફ નજર કરવાની પણ ડાહ્યા મનુષ્યો દરકાર કરતા નથી. તેની ઇચ્છા કરવી તે તમારી પોતાની સ્વતંત્રતા ઉપર અંકુશ મુકવા તૂલ્ય છે. કીર્તિ મેળવવાની નહી પણ ઉત્તમ કાર્યો કરવાની ઇચ્છા કરો. કીર્તિ એતો આ વિશ્વમાં કરોડો જીભવાળો ભુત છે. તેની થોડી જીભો તમારો યશ ગાતી હોય છે તો થોડી નિંદાનું કાર્ય કરતી હોયછે. તમે કેટલાનું મન સાચવી શકશો! સુધારાવાળાનો જશ લેવા જતા રક્ષક નીતિવાળા (conservatives) નો અપજશ વ્હોરી લેશો. તમારા જુવાન મિત્રોની સલાહને અનુસરવા જતા તમારા ઘરની ડોશીઓમાં અને વૃદ્ધોમાં તમારી અપકીર્તિ થવાની. કોઇ પણ બે માણસના મત સરખા બંધાતા નથી, કેમકે આ વિશ્વમાં કોઇ પણ બે માણસની અકલનું પ્રમાણ બરોબર એક સરખું હોતું નથી. આથી સહુનું મન સાચવવા અને સહુના તરફની કીર્તિને મેળવવાની લાલસા તમને તમારા સ્વતંત્ર વેગમાં રોકી રાખનાર નીવડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેક વિનાની ઇચ્છા કેવું ફળ પ્રકટાવે છે તે આપણે ઉપરના એક બે દ-ષ્ટાંતોથી જોયું. પરંતુ આથી હમારો એવું કહેવાનો મુદ્દલ આશય નથી કે આપણે સર્વથા પ્રયત્નહીન બની જવું. અથવા સઘળી પ્રવૃત્તિ સંકેલીને શૂન્ય બનવા ઉદ્યોગ કરવો. આ યુગમાં ઘણા મનુષ્યો આપણા પ્રાચિન શાસ્ત્રોમાંથી આવો ફલિતાર્થ ખેંચી કર્તવ્યભ્રષ્ટ બન્યા છે. અને બીજાને તેવા બનવા માટે બોધ આપે છે. હમે પ્રવૃતિને સંકેલવાની ભલામણ કરતા નથી, પરંતુ તેને વિસ્તારવાની અને અત્યારે છે તે કરતા અનેક ગુણુ અધિક કરવાની ભલામણ કરીએ છીએ. પરંતુ એટલી શરત કરીએ છીએ કે તેની ગતિ મનુષ્યને અધમતા કે અધોગતિના માર્ગમાં લઈ જવાની હોવાને બદલે ઉચ્ચતા અને ઈશત્વના ગુણો સંપાદન કરવાના માર્ગમાં હોવી જો-ઈએ. દ્રવ્ય, યશ વિગેરે મનુષ્યોને પોતાની આંતરિક શક્તિનો બહિર્ભાવ કરવાના પ્રબળ હેતુઓ અને નિમિત્તો છે. જેમ બાળક તેની માતાએ થોડે દુર હાથમાં પક-ડેલા રમકડાના પ્રલોભનથી ખેંચાઇને હીંડવાનો પ્રયત્ન કરે છે અને એ પ્રયત્ન દ્વારા પોતામાં ગુપ્ત રહેલી હીંડવાની શક્તિનો બહિર્ભાવ ( expression ) કરે છે તેમ મનુષ્ય પણ દ્રવ્ય આદિના પ્રલોભનોથી આકર્ષાઇ તે તરફ ગતિમાન બનવાનો પ્રયત્ન આરંભે છે. અને તે દ્વારા પોતામાં ગુપ્ત રહેલી ( latent ) ગતિ શક્તિને બહાર આણે છે. એ ઉભય પ્રસંગોમાં રમકડા અને દ્રવ્ય માત્ર આંતરીક શક્તિને બહાર લાવનારી લાલચોજ છે. એનો ઉદ્દેશ એ રમકડા કે દ્રવ્ય મેળવવાનો હોવો ન જોઈએ, પરંતુ એની પ્રાપ્તિમાં જે પ્રયત્ન રહેલો છે તે પ્રયત્ન દ્વારા પોતાની આંતર શકિતનો બહિર્ભાવ કરવામાંજ જીવનનું પરમ રહસ્ય છુપાએલું છે. જે કાંઇ ઇચ્છવા યોગ્ય છે, તે રમકડા કે ધન નથી પરં-તુ રમકડા કે ધન એ ઉભયને મેળવતા પહેલા જે શ્રમ વેઠવો પડે છે અને તે દ્વારા પોતામાં જે કાંઇ ગુપ્ત રહેલું છે તેનો બહિર્ભાવ ઇચ્છવા યોગ્ય છે. આ વિશ્વની પ-રમ મંગલ અને કલ્યાણકર શક્તિઓએ દ્રવ્યાદિનું આકર્ષણ ન યોજ્યું હત તો મનુ-ષ્ય કોઇ કાલે પ્રયત્ન અને શ્રમના માર્ગમાં વળત નહી. અને તેમ ન થાત તો તેની આંતર શકિતનો કોઇ પણ કાળે બાહ્ય પરિચય મળત નહીં. મનુષ્ય ઇચ્છાઓના બળથી આગળ ધકેલાય છે, અને સદ્ભાગ્યે એક ઇચ્છાના વિષયની પ્રાપ્તિ થતાં તેમાં સંતોષ માની બેસી રહેવાને બદલે આગળને આગળ બીજી ઇચ્છાઓવડે પ્રેરાઇ ગતિ કરતોજ રહે છે. જે રમકડાની લાલચથી મોહવશ બનીને પકડવા તે દોડે છે તેની નજીક જઇ હાથમાં ગ્રહણ કરતાં તેમાં પૂર્વના જેવી મોહકતા કે સુંદરતા અનુભવાતી નથી અને તેથી તે કાંઇ બીજુ અધિક સુંદર અને આનંદપ્રદ શોધવા માટે આગળ પ્રયાણ કરે છે. આ પ્રમાણે આત્માની પ્રવૃતિમયતા કાયમ રહે છે. જો તે પ્રવૃતિનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્ત છુટી જાય અથવા ખોટી સમજણના આવેગમાં આત્મા આગળ ને આગળ પ્રવૃતિ શોધતો અટકી પડે તો ત્યાંથી તેનો વિનાશ આરંભાય છે. કેમકે પ્રવૃતિનો મૂળ હેતુ આત્માને એક લાલચ પછી બીજી અને બીજી પછી ત્રીજી એક લાલચોની પરંપરામાં રખડવાનો નથી, પરંતુ એમ ધીરે ધીરે તેને પ્રભુના ઘર સુધી દોરી જવાનો હોય છે. અલબત્ત અત્યારે આત્મા અનેક ભૂલોને વશ બની એ હેતુ સફળ કરતો નથી અને ઉલટો ઘણીવાર એ હેતુથી વિપરીત કરે છે, પરંતુ આખરે તેની અનેક ભૂલોના કડવા ફળ અનુભવી ઠેકાણે આવવા નિર્માએલો છે. અને ખોટે માર્ગે વિહરવાને બદલે ખરા માર્ગે ચાલે છે. પરંતુ સર્વ પ્રકારની પ્રવૃતિથી વિરમી ગયેલો ભ્રષ્ટ આત્મા તો શૂન્યતારૂપી ગંદા પાણીના ખાબોચીયામાં રહેવું પસંદ કરતો હોય છે. ઇચ્છાને ગુમાવવી એ પ્રગતિને ગુમાવવા તુલ્ય છે. આથી હમે ઇચ્છાના વેગને બંધ પાડવાનું કહેતા નથી. હમે માત્ર એટલુંજ કહીએ છીએ કે,–"તમે કાંઇ પણ ઇચ્છો તે પહેલા તમારે બહુ વિવેક કરવાનો છે." ઇચ્છાજ ન કરવી અને ઇચ્છતા પહેલા પૂર્ણ વિચાર કરવો એ બેમાં જે તફાવત છે તે કોઇથી અજાણ્યો રહે તેવો સૂક્ષ્મ નથી. ઇચ્છાભ્રષ્ટ હોવું એ સર્વથી ભ્રષ્ટ થવા તુલ્ય છે. કહેવાનું માત્ર એટલુંજ છે કે તમે જે કાંઇ ઇચ્છો છો તેની પ્રાપ્તિ સાથે જે કાંઇ આગંતુક વળગણો રહેલા હોય છે તે પણ સ્વીકારવા માટે તમે તત્પર છો ? આખરે તો પ્રાણી માત્રને પરમાત્માનું શરણ શોધ્યા વિના વિરામ નથી. અને તેથીજ ભૂત માત્ર એ પરમ ધામ ભણી ધીરે ધીરે ગતિ કરી રહ્યા છે. જો કે એ રાહ સીધો નથી. કોઇવાર સીધો તો કોઇવાર આડો હોય છે. અનેક ઉથલપાથલો અને પલટા અનુભવતો અનુભવતો આત્મા તે પરમ લક્ષ્ય ભણી વ્યકત કે અવ્યકતપણે પગલા ભરી રહ્યો હોય છે. કેમકે પ્રાણી માત્રનો અંતરાત્મા જાણી રહ્યો છે કે એ ધામ એ સ્થિતિ એજ પોતાની વાસ્તવીક અને સ્વાભાવિક સ્થિતિ છે. આથી તમારી ઇચ્છાને વ્યકતપણે–ઉપયોગપણે ( consciously ) એ માર્ગે વહાવો. અને જ્યાંસુધી એ માર્ગમાં પ્રીતિ ન ઉપજે, ત્યાંસુધી અંતરથી એવું ઇચ્છયા કરો કે તમારી સર્વ પ્રકારની સાધન સંપત્તિ એ હેતુને માટેજ નિર્મિત હો. તમારો વિભવ, તમારી સંપત્તિ, તમારૂ ઐશ્વર્ય, ગૃહ, સ્ત્રી, પુત્ર આદિ તમારૂ સર્વસ્વ એ પરમ ઉત્કૃષ્ટ હેતુની સિદ્ધિમાં નિમિત્તરૂપે પરિણમો. એમ થાય તેમાંજ તે સર્વનું સાર્થકત્વ સમાએલું છે. આજ સુધી તમે અવ્યકતપણે વિકાસક્રમમાં આગળ વધતા આવ્યા છો પરંતુ હવે જ્યારે તમને વિવેક માટે બુદ્ધિ અને પ્રેમ માટે હૃદયની ઉચ્ચ કળા પ્રાપ્ત થએલી છે તો પછી એ સાધનો દ્વારા પરમ લક્ષ્યને સાધ્ય કર્યા વિના તમને સંતોષ નજ હોવો ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છાના પ્રબળ શસ્ત્રનો ઉપયોગ તમારો ઘાત કરવામાં નહીં પણ રક્ષણ કરવામાં કરવો ઉચીત છે. જો કે આત્માનો સ્વભાવ અગ્નિશિખાની પેઠે ઉચ્ચગામી હોવાથી આખરે તો ઇચ્છાના પ્રવર્તન દ્વારા તે મોક્ષનોજ અધિકારી છે, પરંતુ એ રસ્તો બહુ લાંબો અને વિકટ છે. ઇચ્છાના વિષયની પ્રાપ્તિ પછી તેમાંથી રસ ઉડી જાય છે અને ત્યાંથી આત્મા પોતાની પાંખ ફફડાવી વળી આગળ વધારે સુંદર વિષયની પ્રાપ્તિમાટે ઉડે છે. વળી ત્યાં આવ્યા પછી પૂર્વની જેમ ત્યાં નિરસતાનું ભાન કરે છે અને પહેલા જ્યાં રસપૂર્ણતાની કલ્પના કરી હતી, ત્યાં ખાલી કુચાનું દર્શન કરે છે. આમ એક પછી એક ઇચ્છાના વિષય ઉપરથી ઉડતા ઉડતા આખરે સર્વથી કંટાળીને આત્મ-વિહંગ પ્રભુનું શરણુ લેવા સ્વભાવથી પ્રેરાય છે, પરંતુ તે પ્રેરણ ઘણા ઘણા અનુભવ અને કષ્ટોની પરંપરાને અંતે આવે છે. કેમકે ઇચ્છાથી ગતિમાન કરેલા શુભાશુભ કર્મોનો અનુભવ કર્યા વિના તેનાથી છુટાતુ નથી. એક કર્મનો ભોગ પુરો ન થાય ત્યાં આત્મા અન્ય કોઇ વિષયમાં પ્રીતિ ઉપજાવી તેને મેળવવા પ્રબળ આકાંક્ષા સેવે છે અને તે ઇચ્છાના પરિપાક કાળે તેની પ્રાપ્તિ થતાં વળી કાંઇ બીજીજ ઇચ્છા તેના હૃદયક્ષેત્ર ઉપર ઉગી નીકળે છે. આત્મા જો બુદ્ધિ અને હૃદયનો સમ્યક્ ઉપયોગ કરે તો તે સમજી શકે કે જીવનનો અંતિમ મર્મ અને રહસ્ય શું છે? પરંતુ વિષયનો લોલુપી આત્મા તેમ કરવા રોકાતો નથી. એ તો વસંતની મધમાખીની પેઠે એક પુષ્પથી બીજા અને બીજાથી ત્રીજા પુષ્પ ઉપર રસ ચુસવા માટે ભમ્યાજ કરે છે. તેને ખબર નથી કે રસનો મહોદધિ તે પોતેજ છે. અને પુષ્પ તો ક્ષણ પછી કરમાઇ જવા માટે નિર્માએલા છે. મનુષ્યે તેની વર્તમાન ભૂમિકાએ હવે સમજવું યોગ્ય છે કે તેની ગતિ તેણે વિશ્વની પરમ ગતિમાં ભેળવી દેવી ઘટે છે. પ્રભુની ઇચ્છા ( Divine Will ) ના મહા પ્રવાહમાં તેણે તેનું આત્મઝરણું ભેળવી દેવું યોગ્ય છે. જે મહા અગ્નિનું તે સ્ફુલીંગ છે, તે મહા અગ્નિમાં તેણે પોતાનું આત્મ વિસર્જન કરવું જોઇએ. તરંગની ગતિ સમુદ્રની ગતિથી પ્રથક કેવી રીતે હોઇ શકે ?

કર્મના સંબંધે ત્રીજો મહા નિયમ એ છે કે " જે ભાવના વડે પ્રેરાઇને કાર્ય કરવામાં આવે છે, તે ભાવનાને અનુસરતુ ફળ મળે છે." અર્થાત્ હૃદયની જે ભૂમિકામાંથી મનુષ્યની કૃતિ ઉદ્ભવે છે તે ભૂમિકા ઉપર તેનું ફળ પરિણમે છે. આપણને ઘણીવાર આશ્ચર્ય થાય છે કે અમુક મનુષ્ય આટલો બધો નીચ પ્રકૃતિનો, દુરાચરણી, સ્વાર્થી અને અધમ છતાં તે આટલો બધો દ્રવ્ય સંપન્ન અને સુખી કેમ હશે ? આવો પ્રશ્ન કરનાર એટલું યાદ રાખવું ભૂલી જાય છે કે સદ્ગુણ ( virtue )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને દ્રવ્યને કોઇ પ્રકારનો સહચારીપણાનો સબંધ નથી. સદ્દગુણનું ફળ સદ્દગુણ પોતેજ છે. અમુક માણસ દ્રવ્ય વિગેરે સાધનોવડે સુખી હોય તેથી એમ નથી ઠરતું કે તે સદ્દગુણીજ હોવોજ જોઇએ. તેમજ અમુક માણસ સદ્દગુણી હોવાના સબબથી દ્રવ્યસંપન્ન પણ હોવો જોઇએ એવો અબાધ્ય નિયમ પણ નથી. ઉપર જણાવ્યા તેવા હલકી પ્રકૃતિના ધનીક મનુષ્યો માત્ર તેમણે જે ભૂમિકા ઉપર બીજ વાવ્યું હોય છે, તે ભૂમિકા ઉપરના ફળોનો ઉપભોગ કરતા હોય છે. તેમણે પૂર્વભવમાં જે સત્કૃતિ કરેલી હોય છે કે જેના પરિણામે તેઓ આ જન્મમાં આપાતતઃ સુખી ભાસે છે, તે સત્કૃતિ અમુક સ્થૂળ હેતુથી પ્રેરાઇને થયેલી હોય છે. અંતરમાંથી તે પ્રેરણા ઉદ્દભવેલી હોતી નથી. લોકયશ, સમાજ કીર્ત્તિ, સરકાર કૃપા વિગેરે કારણોથી તે સત્ કૃતિ બનેલી હોવાથી તેનું ફળ માત્ર સ્થૂળ સુખમાંજ આવી વિરમે છે. ધારો કે એક માણસ કોઈ પ્રકારની ઉદારતા કરે છે અને તેમ કરવામાં તે પૈસાની મોટી રકમ ઇસ્પીતાલ બાંધવામાં, દરદીઓ નિભાવવામાં, નિશાળો સ્થાપવામાં અથવા ગામના સુખને માટે બાગ બગીચા આદિ જાહેર સંસ્થાઓ રચવામાં વાપરે છે. આમ કરવામાં જો તેનો હેતુ તે તે સંસ્થાનો લાભ લેનારને આપવાનો ન હોય પરંતુ પોતાનું નામ કાયમ રાખવાનો, કીર્ત્તિ ખાટવાનો, સરકારમાંથી રાવ સાહેબ અથવા સરનાઇટનો ખિતાબ મેળવવાને અથવા તેવાજ પ્રકારનો કોઇ સ્થૂળ અને લૌકિક આશય હોય તો તે કૃતિનું ફળ લૌકિક અને સ્થૂળભૂમિકા ઉપર આવીને પ્રગટ થાય છે. અલબત તેણે ગમે તેવા હેતુથી એવી સંસ્થા રચી હોય, પરંતુ તેનો લાભ લેનાર મનુષ્યો સુખ સંપાદન કરે છે, ગરીબ દર્દીઓ મફત દવા અને સારવાર મેળવે છે, વિદ્યાર્થીઓ નિશાળમાં વિદ્યા મેળવી જન્મભરનું સુખ મેળવે છે, અને બાગ બગીચામાં સર્વ કોઈ સુંદર હવાપાણીથી સુખાનુભવ કરે છે, આથી એ સર્વ કોઈના સુખાસ્વાદનો પ્રત્યાઘાત તેના મૂળ ઉત્પાદક ઉપર થયા વિના રહેતો નથી. પરંતુ અધ્યાત્મશાસ્ત્રના નિયમ પ્રમાણે, એ પ્રત્યાઘાત, તે ઉત્પાદક પુરૂષના હૃદયના જે અંશમાંથી તે કૃતિનું સ્કુરણ ઉદભવ્યું હોય છે તે અંશ ઉપરજ થાય છે. આમ હોવાથી તે સંસ્થાના રચયીતા પુરૂષે સ્વાર્થના હેતુથી પ્રેરાઇને તે કૃતિ કરેલી હોઇને તેના ફળ તરીકે તેને એવું સુખ મળે છે કે જેમાં એકાંત સ્વાર્થનોજ અંશ હોય તેને સુખ મળે છે તેની ના નથી, પરંતુ તે એવું સ્વાર્થપૂર્ણ અને એકલપેટુ હોય છે કે બીજાઓને તેનો કશો લાભ મળતો નથી. ઘણી વાર આવા પુણ્યવાન મનુષ્યના સ્ત્રી પુત્રો, ભાઇઓ વિગેરેને પણ તે સુખનો કાંઇ હીસ્સો મળતો હોતો નથી. કેમકે પૂર્વકાળે તેણે સ્વાર્થથી પ્રેરાઇને પુણ્યકૃતિ કરેલ હોવાથી આ કાળે તેને જે ફળ મળ્યું હોય છે તે ફક્ત પોતાના સ્વાર્થી ઉપભોગનોજ વિષય બને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ છે. તેણે બીજાને સુખ આપ્યું છે તેથી તે સુખ ભોગવતો હોય છે. જોવાનું માત્ર એજ છે કે એ સુખ કઇ ભૂમિકા ઉપર ભોગવાય છે અર્થાત્ આત્માનો કયો અંશ એ સુખથી તૃપ્તિ અનુભવે છે.

આ કાળે ઘણા ધનીક મનુષ્યો આવાજ પ્રકારના પુણ્યનું ફળ ભોગવતા જોવામાં આવે છે. તેઓ બહુધા ચારિત્રહીન અને અંદરખાનેથી બહુ હલકા મનના હોય છે, પોતે વિપૂળ દ્રવ્યના ભોક્તા હોવા છતાં બીજાનું સહજ સુખ પણ ઘણીવાર તેઓ ખમી શકતાં હોતાં નથી. આ વિશ્વમાં તેઓ એકલાજ સુખી હોય અને બીજા બધા તેમના ગુલામો બને કદાચ ગુલામો નહી તો દ્રવ્યહિન ઓશીયાળી અવસ્થામાં હોવાનું તેઓ ઇચ્છે છે, તેમને પોતાની બરોબરી કરનાર કોઈ અન્ય માણસનો સંબંધ અસહ્ય થઇ પડતો હોય છે. નાતજાતમાં, વ્યવહારમાં, દરબારમાં વિગેરે ઠેકાણે તેઓ એકલાજ કર્તા હર્તા, ધણીરણી અને સહુ કોઇને એક લાકડીએ હાંકનાર હોવાનું પસંદ કરતા હોય છે બીજાની સહજ સલાહ અથવા અભિપ્રાય પણ તેઓ સાંખી શક્તા નથી. આવી પ્રકૃતિ હોવામાં એજ કારણ હોય છે કે તેમનું પૂર્વ પૂણ્ય એવા પ્રકારનું હોય છે, માત્ર તેમની સ્થૂળ બાજુ ખીલી હોય છે, હૃદયની, ચારિત્રની, બંધુતાની બાજુએ જોતાં તેઓ છેકજ પશુત્વની ભૂમિકાએ હોય છે.

તેમના પૂર્વ પૂણ્યના સ્વાર્થભરેલા સ્વરૂપની અસર આ કાળે તેમના ચારિત્ર ઉપર એવી રીતે થએલી હોય છે કે તેઓ એક ધનસંપન્ન પશુની કોટીમાં આવવા લાયક બન્યા હોય છે. સ્વાર્થ, ઇર્ષ્યા, ભય, અને ઉપભોગ જેમ શ્વાન આદિ પશુને પ્રકૃતિગત અને સ્વાભાવિક છે તેજ પ્રમાણે આવા ચારિત્રહીન ધનીકોના સંબંધે પણ હોય છે. તેઓ એકપક્ષે સુખ, એશઆરામ અને વિભવમાં આળોટતા હોય છે અને અન્યપક્ષે—ચારિત્રપક્ષે દયાપાત્ર સ્થિતિમાં હોય છે. પરંતુ કર્મફળ પ્રદાત્રી સત્તાએ આવા લોકોની સ્વાર્થપૂર્ણ સત્કૃતિ માટે તેમને યોગ્યજ બદલો દીધો હોય છે. એવા લોકોના પક્ષે એટલું સદ્‌ભાગ્ય છે કે તેમને પોતાની આવી હિનચારિત્ર દશાનું ભાન હોતું નથી અને તેથી તેઓ પોતાનો સ્વાર્થી આનંદ નિર્વિઘ્ને ભોગવ્યે જાય છે. પરંતુ સહજ ઉચ્ચ જ્ઞાનની દ્રષ્ટિએ જોતા આવી અવસ્થા બહુ વિષમ અને દુશ્મનને પણ ન હોય એમ ઇચ્છવા યોગ્ય છે.

એથી ઉલટુ જેઓની સત્કૃતિઓ નિસ્વાર્થપણે બંધુતાની ભાવનામાંથી ઉદ્‌ભવતી હોય છે તેમનું ચારિત્ર પણ તે સત્કૃતિના ભૌતીક ફળ સાથે ઉત્તમ પ્રકારનું ઘડાએલું હોય છે. ભૌતિક કૃતિ ભૌતિક ફળ આપે છે અને તે કૃતિની અનુષંગી સદ્‌ભાવનાનો પ્રત્યાઘાત ચારિત્ર ઉપર થતો હોવાથી તે સદ્‌ભાવનાના સ્વરૂપ અને તારતમ્ય અનુસાર ચારિત્ર પણ ખીલેલુ હોય છે. ડાહ્યા મનુષ્યો અન્ય મનુષ્યોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ માટે જ્યારે પોતાનું દ્રવ્ય અર્પતો હોય છે ત્યારે તેઓ એવા ભાવથી નથી પ્રવર્તતા કે આ ગરીબ માણસો ઉપર હું ધનાઢ્ય પુરૂષ મારા દ્રવ્યથી ઉપકાર કરૂં છું. તેઓ સર્વ ભૂતને પોતાના આત્મા સમાન જોવે છે. અને તેથી એક માણસ જેમ પોતાના સ્વસુખને માટે જે પ્રમાણે કરે તેજ પ્રમાણે ડાહ્યા પુરૂષો અન્યના સુખને માટે કરે છે. તેઓ પરમાં પણ સ્વાનુભાવ કરતા હોવાથી, સામાન્ય માણસો જેમ પોતાના સુખને માટે જે કાંઇ કરે તેમાં બીજા ઉપર ઉપકાર થવાનું માનતા નથી. તેમ આવા મનુષ્યો પણ બીજાને માટે કરતા હોવા છતાં બીજાને માટે કરેલું સ્વીકારતા નથી. કેમકે તેઓ સ્વપરમાં કોઈ પ્રકારનો વાસ્તવીક ભેદ કલ્પતા નથી. તેઓ પોતાને એક ઇશ્વરી સત્તાનું નિમિત્ત ગણે છે અને તે સત્તાને માત્ર પોતાના માર્ફત કામ કરવા દેતા હોવાનું માને છે. જેમ રાજા પ્રધાનદ્વારા રાજ્યતંત્ર ચલાવે છે, તેમ ઇશ્વરી સત્તા આવા ડાહ્યા મનુષ્યોદ્વારા પોતાનો ઇશ-સંકેત સફળ કરતી હોય છે. જેમ સરકારની તરફથી એક સાધારણ કારકુન બધા નોકરવર્ગને પગારની વહેંચણી કરે તેમાં તે કારકુન પોતાના મારફત એ દ્રવ્ય વહેતુ જોઇ નકામો ફુલાઇ જતો નથી, તેમજ તે પોતાનું હોવાનું માનવાની ઘેલછા પણ કરતો નથી, તે પ્રમાણે ડાહ્યા મનુષ્યો આ વિશ્વની ઉપયોગી સામગ્રી પોતાની હોવાનું માનતા નથી. અને તેને પોતાના મારફત વહેતુ જોઈ ફુલાતા નથી. આ બધા રજકણો તેઓ ઇશ્વરી સત્તાના આધિનમાં હોવાનું સ્વીકારતા હોવાથી તેઓ પોતાને એ દ્રવ્યના એક એજન્ટ હોવાનું માને છે.

ઓ અભિમાની ધનીક! તમે અભિમાનથી પ્રેરાઇને વિશ્વનો ઉપકાર કરવાની ભ્રમણા રાખતા હો તો આજથી જ તમારો ઉપકાર સંકેલી લો. આ વિશ્વ જે મહાન સત્તાવડે ગતિમાન બની રહ્યું છે, તેને તમારા જેવા પામર રજકણોની કશી જ અપેક્ષા નથી. બીજાને ગરીબ, પામર અને ભિક્ષુક જોનાર તમે પોતેજ પામર અને ભિક્ષુક છો. આ સમસ્ત વિશ્વ પરમાત્માઓવડેજ ભરેલું છે. પ્રભુના ઉપર ઉપકાર કરનાર તમે પામર કોણ માત્ર છો! તમે તમારૂ ક્ષુદ્ર દ્રવ્ય કદાચ એમના ખાતર નહી વાપરો તો તેથી આ વિશ્વનું તંત્ર ભાંગી પડવાનું નથી. તે સત્તા તમારા જેવા અનંત જંતુઓને પ્રકટાવવા શકિતમાન છે. તે સત્તાના મહાક્ષેત્ર ઉપર અનંત કાર્નેજી, અનંત તાતા, અનંત વીરચંદ દીપચંદ નિરંતર પડેલા હોય છે. તમે શામાટે નકામા અભિમાનથી ફુલીને મૂર્ખ બનો છો? એ અભિમાન આગામીકાળે તમારા ચારિત્ર ઉપર અત્યંત હાનીકારક અસર પ્રકટાવ્યા વિના રહેશે નહીં. આથી તમે સર્વને પોતા તુલ્ય જોતા શીખો. સર્વભૂતોના અંતરાત્મા સાથે એકતાનો અનુભવ કરી, તેમના સ્વરૂપને તમારાથી અભિન્નપણે જોતાં શીખો, અને પછી તમે જે કાંઇ તેમને અર્પશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તમને પોતાને જ અર્પેલું તમે અનુભવશો. ઉપકાર કરવાનું અભિમાન સ્વ અને ઉભયને બહુ ઇજા કરનાર છે. બીજાની સ્વમાનની લાગણી બુઠ્ઠી થાય છે અને તે પોતાના મનુષ્યત્વનો કીમતી અંશ ગુમાવી બેસે છે. તમારા અભિમાનના પાપનું પરિણામ તમે સ્વાર્થી ચારિત્ર રૂપે આગામી કાળે અનુભવશો. આથી એ અનિષ્ટ પરિણામથી બચવા માગતા હો તો બીજાના ઉપર ઉપકાર કરવાનું અભિમાન છોડી દો.

અપૂર્ણ.

# વર્તમાન સમાચાર.

પરમ ઉપકારી **શ્રીમદ્ હંસવિજયજી** મહારાજ તથા પન્યાસજી મહારાજ **શ્રી સંપત્ત-વિજયજી** હાલમાં ઇંદોર—માલવા શહેરમાં ચાતુર્માસ રહેલા છે. તેઓશ્રીના ઉપદેશામૃતથી અનેક ધાર્મિક કાર્યો ત્યાં થવા સાથે ઘણા વખતથી તે શહેરમાં શ્રાવકોમાં આપસ આપસમાં કુસંપ હતો, તે ઉક્ત મહાત્માના પ્રયાસ—ઉપદેશથી ગયા પર્યુષણ પર્વ પહેલાં તે દૂર થતાં ખરેખર તે શહેર માટે એક મહત્વનું કાર્ય થયેલ છે. આ વખતે ઉક્ત મુનિ મહારાજાઓ ચાતુર્માસને લઇને ત્યાં બીરાજમાન હોવાથી બુરાનપુર—શીરપુર—ધુળીયા ઉજ્જયન—રતલામ વગેરે શહેરના ભાવિક શ્રાવકો દર્શન નિમિત્તે અને પર્યુષણ પર્વ કરવા પધાર્યા હતા, અને વડોદરાથી શ્રીમાન્ મહારાજશ્રીના સંસારપક્ષના ભાઇ દલપતભાઇ વગેરે પણ પર્યુષણ કરવા ત્યાં આવ્યાં હતા. જેથી દેવ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય વગેરેની સારી ઉપજ થઇ હતી. તે માટે અમારો આનંદ જાહેર કરીયે છીયે. પરંતુ ઉક્ત મહાત્માઓને નમ્ર વિનંતિ પણ સાથે કરીએ છીએ કે, શ્રાવક ક્ષેત્રના ઉદ્ધાર માટે તેમને ઉંચા પ્રકારનું ધાર્મિક-વ્યવહારિક શિક્ષણ લેવા માટે તેના સાધનો તૈયાર કરવા—કરાવવા કે જેની આ જમાનામાં—હાલમાં ખરેખરી જરૂર છે, તેને માટે હવે મુખ્યતાએ ઉપદેશ આપી તેના ઉદ્ધાર માટે પ્રયત્ન વધારે પ્રમાણમાં કેમ થાય, તેવો પ્રયાસ કરવા જરૂર છે.

# સ્થાનિક સમાચાર.

## શહેર ભાવનગરના શ્રી સંઘનું એક યોગ્ય પગલું.

જિનેશ્વર ભગવાને ધર્મ અને વ્યવહાર શુદ્ધ અને સરલ રીતે ચાલે તેને માટે દરેક કાલઆશ્રી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર ધર્મની રાજનીતિ બતાવેલ છે અને તે પ્રમાણે ચાલનાર કોઇપણ વ્યક્તિ કે સમષ્ટિ પોતાનો વ્યવહાર અને ધર્મ સારી રીતે ચલાવી શકે છે, પરંતુ તેમાંથી એક પણ પ્રકારની નીતિ વિરૂદ્ધ કે તેનાથી જુદી રીતે ચાલનારને પોતાના વ્યવહાર વગેરેમાં અનેક વખત અથડામણ થયા કરે છે. આ હકીકત બુદ્ધિશાળી, અનુભવી અને દુરઅં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશી મનુષ્યો સારી રીતે સમજી શકે છે અને તેને લઇને જ જે જે વખતે જેની જેની જરૂરીયાત હોય છે તે પ્રમાણે વર્તે છે અને તેને માન આપે છે. આવી જ રીતે હાલમાં અત્રેના શ્રી સંઘના અગ્રેસરોએ તેવી રાજનીતિને-માન આપી શ્રી સંઘની પેઢીનો વહીવટ વ્યવસ્થાપૂર્વક ચલાવવા માટે એક કમીટી નીમી તેના ધારા ધોરણો નકી કર્યા છે. જેની એક નકલ થોડા વખત પહેલાં તે કમીટીના સેક્રેટરી તરફથી અમોને મળી છે.

હકીકત એવી છે કે સં. ૧૯૬૮ ની શાલ પહેલાં આ શહેરના શ્રી સંઘનો વહીવટ અમુક આગેવાનો કરતા હતા પરંતુ દેશકાલને અનુસરી તે વહીવટ એક કમીટી દ્વારા ચલાવવો યોગ્ય ધારી બીજાઓની માગણીથી એક અઠાવીશ ગૃહસ્થોની કમીટી નીમવામાં આવી અને તેનું બંધારણ, ધારા, ધોરણ તૈયાર કરવા માટે પણ તે વખતે નકી થયેલ છતાં ગમે તે કારણે તે અત્યારસુધી મુલતવી રહ્યું; પરંતુ હાલમાં ગયા અશાડ માસમાં તેની કેટલાક કારણથી જરૂરીયાત જણાતાં બંધારણ અને ધારા ધોરણ નકી કરવામાં આવ્યાં. અને સબકમીટીઓ જુદા જુદા કામ માટે નીમવામાં આવી અને જેની નકલ ઉપર લખ્યા મુજબ છપાવી કમીટીના મેમ્બરોને વહેંચવામાં આવી અને અમોને પણ આપવામાં આવી, ત્યારબાદ ભાદરવા શુદ ૧ ના રોજ બીજા કાર્ય પ્રસંગે ઉપરોક્ત કમીટી મળતાં પ્રથમ શેઠ નરોત્તમદાસ ભાણજીએ જણાવ્યું કે;–મેં ધારાશાસ્ત્રની સલાહ લીધી છે, અને કોઇપણ ખાતામાં ટ્રસ્ટી તરીકે જોડાવા પછી તેના શીર, જવાબદારી કેટલી ગંભીર રહે છે. તે હું સમજું છું તેથી સંઘ તરફથી કાયદાસર કમીટી મુકરર થયેલ નહિ હોવાથી હું તેમાંથી રાજીનામું આપું છું. આ ઉપરથી કેટલાએક સભાસદોએ પણ તેમ કરવાથી સર્વાનુમતે કમીટી રદ કરી નવી ચુંટણી કરવાને પેઢીના મહેતાની સહીથી આમંત્રણપત્રિકા વહેંચવામાં આવી, જેથી ભાદરવા શુદ ૩ ગુરૂવારના રોજ શ્રી સંઘના ઉપાશ્રયના મકાનમાં વ્યાખ્યાન વખતે અનેક ચર્ચા થયા બાદ નીચે મુજબની કત્તાવાર કમીટી નીમવી તેવો શ્રી સંઘ રૂબરૂ ઠરાવ કરવામાં આવ્યો. દર પચીશ સાધારણ દીઠ બે મેમ્બરો એટલે ૫૦ મેમ્બરો વીશાશ્રીમાળી–તળપદા ઘોઘારી, રાંધણપુરા, ધોળકીયા, પોરવાડ અને ઓશવાળ તેમજ દશાશ્રીમાળી-તળપદા, રાંધણપુરા, તેમજ સુખડીયા અને ભાવસાર એ રીતે દરેક કત્તામાંથી લેવા. જે ૫૦) ની જનરલ મીટીંગ સમજવી. તેમાંથી ધારા મુજબ ૨૦ શખ્સોને મેનેજીંગ ( કાર્યવાહક ) કમીટી તરીકે નીમવા. આ રીતે અત્રેના શ્રી સંઘે અને કાર્યવાહકોએ દેશકાલને અનુસારી કમીટી નીમી ધારાધોરણ નવા ઘડી શ્રી સંઘના વહીવટનું કાર્ય ઉત્તમ રીતે કરવા ઠરાવ કરેલો છે જે માટે અમારો આનંદ પ્રદર્શીત કરવો પડે છે વીશેષ હકીકત બીજા પેપરો જૈન, જૈનશાસનમાં આવી ગયેલ છે.

દરેક ગામોના શ્રી સંઘોએ તેવી રીતે બંધારણ અને ધારાધોરણથી દેશકાલને અનુસરી ધાર્મિક પેઢીના વહીવટનું કામ લેવાની જરૂર છે. જે ધાર્મીક વહીવટોને માટે એક ઉત્તમ પગલું છે જે લેવા અમે સુચના કરી વિરમીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શ્રાદ્ધગુણ વિવરણ. (ભાષાંતર)

શ્રાવકના વિશેષ ધર્મના કારણરૂપ અને ઉચ્ચ ગૃહસ્થ ધર્મ (શ્રાવકના સામાન્ય ધર્મ) નું શુદ્ધ સ્વરૂપ બતાવનારો, મોક્ષમહેલના પ્રથમ સોપાનરૂપ, જયશ્રીની સિદ્ધિને આપનાર આ અપૂર્વ ગ્રંથ છે. જેથી આવો શ્રાવકોપયોગી કોઇપણ ગ્રંથ અત્યારસુધીમાં પ્રગટ થયો નથી. સરલ, સુબોધક વિવેચન અને અનેક કથાઓસહિત, શ્રીમદ્ જિનમંડનગણી મહારાજની કૃતિની આ એક સુંદર અને અત્યુત્તમ રચના છે, જેનું સરળ અને શુદ્ધ ભાષાંતર પ્રવર્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજે કરેલ છે. જૈન તરીકે દાવો ધરાવનાર કે શ્રાવક ધર્મના ઇચ્છક કોઈપણ વ્યક્તિના ઘરમાં આ ગ્રંથ કે જે શ્રાવક ધર્મની ઉચ્ચ શૈલીને જણાવનારો છે તે અવશ્ય હોવોજ જોઇએ. તે ખરેખર ઉપયોગી જોઇ ગ્રંથ છપાતાના દરમ્યાન ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી **પ્રેમવિજયજીના નેક અભિપ્રાયથી અત્રેની જૈન બોર્ડીંગ તેમજ જૈન નાઈટ કલાસના વિદ્યાર્થીઓને** ધાર્મિક અભ્યાસની શરૂઆત તરીકે આ ગ્રંથ ચલાવવાની ખાસ યોજના થયેલી છે તેજ તેની ઉપયોગીતા પૂરતો પુરાવો છે. તે બાબતમાં વધારે કાંઈપણ ન લખતાં તે સાદ્યંત ખાસ વાંચી જવાની ભલામણ કરીએ છીએ.

ઉંચા ગ્લેજ કાગળો ઉપર, ચાર જુદી જુદી જાતના સુંદર ટાઇપોથી છપાવી સુંદ બાઇ-ડીંગથી તેને અલંકૃત કરવામાં આવેલ છે. રોયલ આઠપેજી પાંત્રીશ ફારમનો સુમારે ૩૦૦ પાનાનો દલદાર ગ્રંથ. કિંમત માત્ર રૂા. ૧–૮–૦ રાખી છે પોસ્ટેજ જૂદું. ઘણી નકલોના અગાઉથી ગ્રાહકો થયા છે.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા. ભાવનગર.**

---

# સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ "સત્તરીય ઠાણ સટીક" શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૨ "સિદ્ધ પ્રાભૃત સટીક" પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી.
૩ "રત્નશેખરી કથા" શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત.
૪ "દાનપ્રદીપ" શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત.
૫ "શ્રી મહાવીર ચરિત્ર" શ્રી નેમિચંદ્રસાર કૃત. શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદર-વાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.
૬ "સંબોધ સિત્તરી સટીક" શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી.
૭ "ષટ્સ્થાનક પ્ર–સટીક" શા પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઈ માંગ-રોળવાળા તરફથી.
૮ "બંધહેતૂદય ત્રિભંગી સટીક" શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.
૯ "સુમુખાદિમિત્ર ચતૂષ્ક કથા" શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૦ "ચૈત્યવંદન મહાભાષ્ય" શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૧ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તરફથી.
૧૨ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.
૧૩ "શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક" શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.
૧૪ "પ્રાચીન ચાર કર્મગ્રંથ ટીકા સાથે" શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.
૧૫ "ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણી કૃત" બે શ્રાવિકાઓ તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૬ " સમાચારી સટીક શ્રીમદ્ ય- શા. લલુભાઈ ખુશ્યચંદની વિધવા બાઇ મેનાબાઇ પાટણ-
શોવિજયજી ઉપાધ્યાયજી કૃત " વાળા તરફથી.
૧૭ " પંચનિગ્રંથી સાવચૂરિ " ૧૮ " પર્યંત આરાધના સાવચૂરિ "
૧૯ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ " ૨૦ " બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ "
૨૧ " પંચસંગ્રહ " શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૨ " શ્રાદ્ધવિધિ " શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા ,,
૨૩ " ષડ્દર્શન સમુચ્ચય " " "
૨૪ " ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજીગણી કૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.
૨૫ " બૃહત્ સંઘયણી શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત " એક સભા તરફથી.
૨૬ " કુમારપાળ મહાકાવ્ય " શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ ચંદન પાટણ ત૦
૨૭ " ક્ષેત્રસમાસ ટીકા " શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.
૨૮ " કુવલયમાલા " (સંસ્કૃત)
૨૯ શ્રી વિજયચંદ કેવળી ચરિત્ર (મૂળ) પાટણ નિવાસી બેન રૂક્ષમણિ તરફથી.

---

## હાલમાં નવા ગ્રંથોની થયેલી યોજના.

### ( જેની છપાવવાની શરૂઆત થઇ ચુકી છે. )

३० विज्ञप्ति त्रिवेणि. (વિસ્તૃત ઐતિહાસિક પ્રસ્તાવના સાથે.)
३१ प्राचिन जैन लेख संग्रह. (વિસ્તારયુક્ત ટિપ્પણી અને ઉપોદ્ઘાત સાથે.)
३२ विज्ञप्ति संग्रह.
३३ विजयदेव महात्म्य. (બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી માહેતી સાથે)
३४ कृपारस कोष. ३५ करुणावज्रायुध नाटक.
३६ जैन ग्रंथ प्रशस्ति संग्रह. ( જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો. )
३७ जैन ऐतेहासिक रास संग्रह. ३८ प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाळा तरफथी.
३९ शत्रुंजयोद्धार पं० विवेकधीरकृत ॥

---

## નીચેના ગ્રંથોની યોજના કરવામાં આવે છે.

४० श्री गणधर सार्धशतक लघु टीका.
४१ श्री नयोपदेश. ( શ્રીમદ્ યશોવિજયજી કૃત ન્યાયનો અપૂર્વ ગ્રંથ. )
४२ कल्पसूत्र कीरणावली. ( શ્રીમદ્ ધર્મસાગરજી ઉપાધ્યાયજી કૃત. )

### " ભાષાંતરના ગ્રંથો. "

( નવા )

૪૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદિ ( ભાષાંતર ) વિવિધ કથાઓ સહિત, શ્રી પાછીયાપરવાળા શાહ રણછોડદાસ ભાઇચંદ તરફથી.
૪૪ નિગોદછત્રીશિ. ૪૫ પુદ્ગલછત્રીશિ. ૪૬ પરમાણું ખંડ છત્રીશિ
૪૭ અધ્યાત્મ મત પરિક્ષા.

---

For Private And Personal Use Only